


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૨ કુલ અંક-૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૬ અંક-૭ સપ્ટેમ્બર-૨૦૧૬
સળંગ અંક-૩૬૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી

**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| દર્શન પ્રદર્શન અને દિવ્ય દર્શન...! - હિંમ્મતભાઈ ઠક્કર 'રઘુવંશી' | ૫ |
| દીવાલને સજાવનારા, દીવાલને ચમકાવનારા - શા. સ્વામી દેવચરણદાસજી | ૭ |
| ત્રણસોમાં જ થવું જોઈએ - પુ. સ્વામી પરમહંસદાસજી | ૯ |
| ત્રણ પ્રકારનો કુસંગ - શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી | ૧૨ |
| અમારું કાર્ય જ જીવોને બંધનમાંથી છોડાવવાનું છે ! - અતુલ બી. પોથીવાલા, અમદાવાદ | ૧૭ |
| બધા જ સુખની ખાણ છે ભક્તિ !! - રસિકભાઈ રામજીભાઈ ગોળવિયા, સુરત-વેળાવદર | ૧૯ |
| સત્સંગ સમાચાર-દેશ | ૨૧ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૯ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે

ભાદ્રપદ સુદ ચોથ 'ગણેશ ચતુર્થી' મહાસિધ્ધિ વિનાયકી કહેવાય છે. સનાતન વૈદિક ધર્મના તહેવારોમાં આ તહેવાર વિશિષ્ઠ આગવું સ્થાન ધરાવે છે અને લાખો ભક્તો સંપૂર્ણ આસ્થા સાથે ગણપતિનું સ્થાપન કરી પૂજન તેમજ વિસર્જન કરે છે.

પ્રત્યેક શુભ કાર્યનો પ્રારંભ જેના પૂજનથી થાય છે તેવા ગણપતિના દેહમાં હાથીનું મસ્તક મૂકાયું છે તેનો સૂચિતાર્થ સમજવા જેવો છે. હાથીના મસ્તક દ્વારા ગણના નેતા માટેના આવશ્યક ગુણોના પ્રતીક દર્શાવાયા છે. કાન સૂપડા જેવા છે જે સંસારના શુભ શાશ્વત તત્ત્વોને ગ્રહણ કરી નશ્વર નકામી બાબતોને દૂર કરી દે છે (સાર-સાર કો ગહી રહે થોથા દેઈ ઉડાય) સાથોસાથ શ્રવણ ભક્તિના સૂચક છે. ઝીણી આંખો માનવીને સૂક્ષ્મ દૃષ્ટિની પ્રેરણા આપે છે અને દીર્ઘદૃષ્ટિની સૂચક છે. લાંબુ મોટું નાક દૂર સુધી સૂંઘવા સમર્થ છે. નેતાને સુશાસન અને શિસ્ત પાલન માટે પ્રત્યેક વાતની ગંધ પ્રથમથી જ આવી જાય તેવું દૂરદર્શીપણું હોવું જોઈએ એ વાતનું સૂચક છે. લંબોદર છે, નેતા કે તત્ત્વવેતાએ સાંભળવું બધું જોઈએ પણ તમામ વિગત પોતાના પેટમાં વિશાળ ઉદરમાં સમાવી લેવાનું સૂચક છે. ગણપતિના બે દાંતમાં એક અર્ધો છે. આખો દાંત શ્રધ્ધાનું અને અર્ધોદાંત મેધનું પ્રતીક છે. નેતાના જીવનમાં શ્રધ્ધા અને બુધ્ધિનું સમન્વય સમૂહના વિકાસ માટે મહત્ત્વ ધરાવે છે. ગણપતિના ચાર હાથ- એકમાં અંકુશ (જે વાસના અને વિકારો પર સંયમનું સૂચક), બીજામાં પાશ(પાપી અને ગેરમાર્ગે જતા અનુયાયીઓને શિક્ષા આપવા માટે), ત્રીજામાં મોદક (સાત્વિક આહાર દ્વારા મોદ -આનંદ કરાવવાનું સૂચવે છે અને ચોથા હાથ દ્વારા આશીર્વાદ. કર્મફળ રૂપી મોદક ધરતાં જ તેમના આશીર્વાદની પ્રાપ્તિ થાય છે. આમ, સર્વોત્તમ કુશાગ્ર બુધ્ધિમતા ધરાવતા ગણના પતિનું વાહન પણ પ્રતીકાત્મક છે. ઉંદર નાનું છે જે ઘરઘરમાં સરળતાથી પ્રવેશી જાય છે. મહાપુરુષોના સાધન નાના હોવા જોઈએ અને સૌ સાથે સરળતાથી સૌમ્ય સંપર્કમાં રહેવું જોઈએ.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો ઈન્દ્રિયોનો ગણ છે અને એ ગણનો પતિ મન છે. કાર્યસિધ્ધિ માટે મનરૂપી ગણપતિ સ્વસ્થ હોવો જોઈએ તેથી તેનું પ્રથમ પૂજન કરવું જોઈએ એટલે કે શુભ કાર્યનો પ્રારંભ કરતાં પહેલાં મન શાંત અને સ્થિર (એકાગ્ર) કરવું જેથી વિઘ્નો ન આવે. (તેથી જ ગણપતિ વિઘ્નહર્તા કહેવાય છે.)

આવા આરાધ્ય દેવના ગણેશોત્સવમાં પરસ્પર એકતા, આત્મીયતા, એખલાસ, સંપ અને સંગઠનની ભાવના બળવતર થાય તેવી ગણેશજીના ચરણોમાં પ્રાર્થના.

ભાદરવામાં શ્રાધ્ધ પણ આવે છે. શ્રાધ્ધ એટલે દિવગંત પિતૃઓ કે સગાસંબંધીઓના તર્પણ માટેની ક્રિયા. શ્રાધ્ધ એક અર્થપૂર્ણ અને આધ્યાત્મિક રહસ્ય સ્પષ્ટ કરતો વિજ્ઞાન અને અધ્યાત્મ જ્ઞાનનો સમન્વય છે. મૃત્યુ પછી આત્માની ગતિને જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ (મોક્ષ) અપાવવા શ્રાધ્ધ કરવામાં આવે છે. આશાઓ, અપેક્ષાઓ અને એષણાઓનો ક્ષય એજ મોક્ષ. આત્માને આશાઓ, અપેક્ષાઓ અને એષણાઓથી મુક્તિ અપવાવી એટલે શ્રાધ્ધકર્મ કરવું. શ્રાધ્ધ શબ્દ આપણી શ્રધ્ધા સાથે પણ સંબંધ ધરાવે છે. તિથિ પ્રમાણે જે વ્યક્તિનું શ્રાધ્ધ થાય તે પવિત્ર દિવસે સંપૂર્ણ શ્રધ્ધા રાખી ભક્તિભાવપૂર્વક પિતૃતર્પણ કરી દિવંગતોના મેક્ષાર્થે પ્રભુ પ્રાર્થના કરવી જોઈએ. 'ઊંક્રર્મિરુક્ક ઇંટ્રરુભશ્ચ શ્નબ્ભ ઊંક્કર્મિ લ'

શ્રધ્ધા અને ભક્તિના સમન્વયના આનંદની પરાકાષ્ટાની અનુભૂતિ તો લંગાટામાં થઈ. લંગાટા (નૈરોબી-આફ્રિકા)માં યોજાયેલ 'નૂતન મંદિર મહોત્સવ'ની મજા માણવા હજારોની સંખ્યામાં હરિભક્તો હર્ષભેર ઉમટી પડ્યા હતા. વિદેશની ધરતી પર આપણો દેશ થનગની રહ્યો હતો. આ ભવ્યાતિભવ્ય ઉત્સવને શાબ્દિક રીતે સાકાર કરી સૌની સમક્ષ આવતા અંકમાં પ્રસ્તુત કરવા જઈ રહ્યા છીએ. જેથી લંગાટાનો ઉત્સવ આપણા આંગણે આપણે માણી શકીએ.

જયશ્રી સ્વામિનારાયણ !

# શિક્ષાપત્રી શ્લોક-૨૩

# દર્શન પ્રદર્શન અને દિવ્ય દર્શન...!

- હિંમ્મતભાઈ ઠક્કર 'રઘુવંશી'



દૃષ્ટ્વા શિવાલયાદીનિ દેવાગારાણિ વર્ત્મનિ ।
પ્રણમ્ય તાનિ તદ્દેવદર્શનં કાર્યમાદરાત્ ॥

અમારા આશ્રિત હોય તેમણે, માર્ગને વિષે ચાલતાં શિવાલયાદિક જે દેવ મંદિર આવે તેને જોઈને નમસ્કાર કરવા. અને મંદિરમાં પધરાવેલા જે દેવ હોય તેનું આદર થકી દર્શન કરવું.

શા માટે ? શિક્ષાપત્રી આવું દેવદર્શન શા માટે પ્રબોધે છે ?

રસ્તે તો આજના સુધરેલા સમાજમાં ખાણી-પીણીના લારી-ગલ્લાં, શોપિંગ કરવાના આકર્ષક સ્ટોસ, હોલ અને મોલ કે સુપર માર્કેટ, ફિલ્મી દુનિયાના પુરુષ એક્ટરોના મશક્યુલર ફોટાઓ અને નટીઓના અર્ધ કે તેથીય વધુ નગ્ન હોર્ડિંગો અને અન્ય અનેક પ્રકારના ગલ્લા-ગુલ્લાઓ આવે છે. આપણી આંખો તો બધું જ જોવાની ક્ષમતા ધરાવે છે. એવી આપણી સર્વ શક્તિમાન મોહક આંખોને શા માટે આ શ્લોક ૨૩મો દિવ્ય દેવ દર્શન તરફ વાળે છે ?

શ્રી સહજાનંદ સ્વામી મહારાજે જ વચનામૃતમાં પ્રબોધ્યું છે કે પ્રત્યેક માનવ પાસે 'વિવેક' નામની એક જ જબરદસ્ત શક્તિ છે અને તેનું પ્રથમ કાર્ય છે મિથ્યાત્વને ઓળખવાનું અને બીજું કાર્ય છે સત્યને જાણવાનું.

એક ગુજરાતી કહેવત છે - ઊંટ મૂકે આકડો ને બકરી મૂકે કાંકરો. સામાન્ય પણે પશુઓ ચરચર ખાખા કરવાની ઉત્તેજનાવાળા હોય છે. ઊંટ આકડો મૂકી જે જુએ તે ઓહીંયાને બકરી તો વળી કાંકરા સિવાય બધું જ સ્વાહા કરી જાય. ને તેત્રીસ કરોડ દેવતાને તેના અંગોમાં ધારણ કરનારી ગૌ માતા ઘાસ તરફ દોડે. પણ આજના માનવે તો બિચારી ગાયને પણ પ્લાસ્ટિકની થેલીઓ ધરી દીધી છે -

'આજે કલિયુગમાં,
ઘાસ બન્યું મોંઘું દાટ !
ને ઉકરડા ગલીગલીમાં,
ગંદકીના દર્શન દે માલામાલ !'

પતંજલિ ઋષિએ પ્રબોધ્યું છે કે, 'હંમેશાં પૂર્ણ વિવેકથી કામ લેવું, એ ભૌતિક બંધનોમાંથી છૂટવાનો રસ્તો છે.'

આપણી પાર્થિવ પંચેન્દ્રિયોમાં આંખોનું કામ છે દર્શન કરવાનું ને મનનું, બુદ્ધિનું કામ છે વિવેકભર્યા નિર્ણયો કરી આંખને નશ્વર ભૌતિક દર્શનથી વાળી અનશ્વર પ્રભુના દિવ્ય મંદિરો તરફ વાળવાનું.

ભારતભરમાં પ્રત્યેક ગામડે શહેરે સંખ્યાબંધ મંદિરોની ધજા પતાકાઓ ફરફરતી હોય છે ને તે નિર્દિષ્ટ કરે છે કે મંદિર રામ-સીતા, રાધા-કૃષ્ણ, ગણપતિ, હનુમાનજી કે અન્ય દેવ દેવીઓ અંબાભવાની, દુર્ગાદેવી, ગાયત્રી મા કોનું છે.

"દેવ-દેવીઓમાં છે અનેકાનેક વૈવિધ્ય,
પણ આસ્થાનું એકજ અદ્ભુત એકત્વ..!"

શ્રી સહજાનંદ સ્વામી મહારાજ પ્રેમે પ્રબોધે છે

કે માનવીની રોજિંદા આવન જાવનમાં રસ્તે જે દેવસ્થાન આવે તેને પ્રેમે વંદન કરો. આસ્થા ભલે એકજમાં સ્થિત રહે. ગુજરાતીમાં એક સામાન્ય કહેવત છે કે, 'નમ્યા તે સૌને ગમ્યા.' આપણે બુદ્ધિજીવીઓ છીએ જરા આપણું જ ભલું વિચારીએ. જો સામાન્ય સાંસારિક વ્યવહારમાં નમીએ તો સૌને ગમીએ તો દેવ-દેવીઓ તો આપણા નમસ્કારથી તૃપ્ત થઈને કાંઈ ને કાંઈ આપી જ છૂટે તેમનો પ્રસાદ.

અત્રે આપણે વશિષ્ઠસ્મૃતિનું પણ પ્રમાણ જાણી લઈશે. "દેવતાપ્રતિમા દૃષ્ટ્વા યતિં ચ દૃષ્ટ્વા ચ યોગિનમ્ । નમસ્કારં ન યઃ કુર્યાત્ પ્રાયશ્ચિત્તીયતે હિ સઃ ॥" દેવતાઓની પ્રતિમાને કે કોઈ સાધુ મહાત્માઓને જોઈને જે પુરુષ નમસ્કાર કરતો નથી, અને આગળ વધે છે, એ પુરુષ પ્રાયશ્ચિતને યોગ્ય થાય છે. અર્થાત્ એ અપરાધી બને છે.

વાલ્મિકિ રામાયણમાં એક બોધ કથા આવે છે કે, ગાયને નમસ્કાર નહિ કરવાથી દિલિપ રાજાને અપરાધ થયો, અને તેથી રાજાને સંતાનો થયા નહિ. પછી રાજાએ ગુરુ વશિષ્ઠ પાસે જઈને પ્રાયશ્ચિત માગ્યું.

શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના ભાષ્ય કરતાં પ્રબોધ્યું છે કે, આપણે જેને ઈષ્ટદેવ માનતા હોઈએ, તે સિવાયના કોઈ પણ દેવને નમસ્કાર કરવાથી પતિવ્રતા ભક્તિ અખંડ રહે છે. નિષ્કુળાનંદ સ્વામીએ પણ પોતાના એક કાવ્યમાં કહ્યું છે કે, જેમ આકાશમા બાણ છોડવાથી એ બાણ ગમે ત્યાં પૃથ્વી પર જ પડે છે. એજ રીતે સર્વ નમસ્કાર કેશવ ભગવાનને જ પ્રાપ્ત થાય છે.

"વંદન હૃદયની ઉર્જાનું,
અદ્‌ભુત અનુસંધાન છે;
સ્પંદનો હૃદયના જેને ચડે,
આશિષ એ દેવના મને મળે..!"

આપણી શિક્ષાપત્રી આવું શિક્ષણ આપણે સૌને આપે છે.


# ભાવભીનું આમંત્રણ

:: શાકોત્સવ ::

મહાવદ ૨ રવિવાર તા. ૧૨-૨-૨૦૧૭

:: શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૫૦મો વાર્ષિક પાટોત્સવ ::

પ્રારંભ મહાવદ ૧૧ બુધવાર તા. ૨૨-૨-૨૦૧૭

સમાપ્તિ ફાગણ સુદ ૨ મંગળવાર તા. ૨૮-૨-૨૦૧૭

**શ્રીઘનશ્યામ મહારાજનો ૭૫મો વાર્ષિક પાટોત્સવ**

**શ્રીનરનારાયણદેવનો ૧૯૪મો વાર્ષિક પાટોત્સવ**

આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું વિશેષ મહત્ત્વ છે. ઉત્સવપ્રિય હરિભક્તોને સહર્ષ જણાવવાનું કે શ્રીજી મહારાજની કૃપાથી તેમજ મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોના આશીર્વાદથી નીચે જણાવ્યા મુજબના ઉત્સવો ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પાવનકારી પ્રસંગોએ પરિવાર સહિત પધારી પુણ્યનું ભાથું બાંધવાની તક પ્રાપ્ત થઈ છે, તો અવશ્ય પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.

:: પ્રારંભ ::
ચૈત્ર વદ ૩૦ બુધવાર તા. ૨૬-૪-૨૦૧૭

:: સમાપ્તિ ::
વૈશાખ સુદ ૫ રવિવાર તા. ૩૦-૪-૨૦૧૭


# દીવાલને સજાવનારા, દીવાલને ચમકાવનારા

શા. સ્વામી દેવચરણદાસજી

બોધકથાનો પ્રસંગ કંઈક આવો છે :

સદીઓ પૂર્વે અરબસ્તાનના કોઈ શહેનશાહના દરબારમાં યુનાની ચિતારાઓ મહેમાન થયા. (યુનાન એટલે ગ્રીસ)શહેનશાહ સાહિત્ય-કલા-ચિત્ર-નૃત્ય-સંગીત આદિ લલિતકલાઓનો પોષક, સંવર્ધક અને ચાહક હતો. યુનાની ચિત્રકારોને જોઈ તે ખૂબ પ્રસન્ન થયો અને બોલ્યો, “અમારા અરબી ચિતારા પણ તમારાથી કંઈ જાય એવા નથી. જગતમાં મશહૂર એવી એમની કલાકૃતિઓ હું તમને બતાવીશ.”

આટલું કહીને ગ્રીસના એ ચિતારાઓને શહેનશાહ અરબી સર્જનચિત્રોની ગેલેરીમાં લઈ ગયો. ગ્રીસ ચિત્રકારોના મુખે શાંતિ અને ધીરજ છવાઈ રહ્યા. રાજાને હતું કે સૌ તો મારી કલાકૃતિઓ નિહાળીને સ્તબ્ધ થઈ જશે.પણ આવું કઈ બન્યું નહીં.



પાછી એ યુનાની કલાકારોનું માપ કાઢવા રાજાએ પોતાના ચિતારા અને યુનાની ચિતારાઓની સભા બોલાવી ફરમાન કર્યું.

“મારા મહેલની પૂર્વ તરફની ઊંચી-પહોળી દીવાલ હું યુનાની ચિત્રકારોને ૧૫ દિવસ માટે આપું છું. પશ્ચિમ તરફની દીવાલ મારા રાજના ચિત્રકારો માટે રહેશે. બંને દીવાલો સામ-સામે છે. ૧૬મા દિવસે હું અંતિમ ફેંસલો આપીશ કે ‘કોણ પહોંચેલા ચિતારાઓ છે ?”

બંને કલાકારોની મંડળીઓએ ફરમાન માથે ધર્યું.

અરબી કારીગરોએ ૫૦ ફૂટ ઊંચી દીવાલ પર પોતાની પીછીંઓના જાદુ રચવા લાગ્યા. વાદળ, પર્વત, જંગલ, મોર, હાથી, પંખી, સૂર્ય, ચંદ્ર.. દિવસે દિવસે દીવાલનો એક એક હિસ્સો નીખરવા લાગ્યો. રસ્તે પસાર થતા નગરજનો પણ આ જોવા ટોળે વળતા. દિવસે જેવી ભીડ હોય, તેવી જ ભીડ રાતે હોય.

પણ એ સૌ દર્શનાર્થીઓને મોટું આશ્ચર્ય એકવાતનું સતત થતું. પૂર્વ બાજુ રહેલી યુનાની કારીગરોની દિવાલ તો મોટા કાળા પડદા ઓથે ઢંકાયેલી હતી અને એની પાછળ એ લોકો પીછી અને રંગ બાજુ પર મૂકી કોઈ જૂદું જ કામ કરી રહ્યા હતા. શું કામ કરતા હતા, કયું ચિત્ર દોરતા હતા, કેવી રીતે દોરતા હતા, એની કોઈને રજમાત્ર ખબર પડતી નહીં. એકવાર તો શહેનશાહ ખુદ આવ્યો અને અચંબામાં પડી ગયો. તે ૧૬મા દિવસની રાહ જોવા લાગ્યો.

અને છેવટે ૧૬મો દિવસ આવી ગયો.

પશ્ચિમ દીવાલ પરનું બેનમૂન અરબી સર્જન તો સૌની સામે જ હતું. સમગ્ર સૃષ્ટિ જાણે દીવાલ પર જડાઈ હોય તેવી જીવંતતા અને સૌંદર્ય તે ચિત્રના એકએક તસુમાં ભરેલા હતા. રાજા આફરીન પોકારી ગયો. પણ તેના મનમાં તો યુનાની કાળો પડદો જ ઘૂંટાતો હતો. તેમનું ચિત્ર અનાવરિત કરવા હુકમ કર્યો.

પ્રધાન ચિતારાના આંખના ઈશારે એ પડદો દૂર થયો અને રાજા, પ્રજા, ત્યાં બેઠેલા અરબી ચિતારા સહિત સૌના મોઢા આશ્ચર્યથી પહોળા થઈ ગયા !!!

આ શું !! પૂર્વની એ દીવાલ પર પશ્ચિમની દીવાલ જેવું અદ્ભુત ચિત્ર હતું. એમાં રતિભર ફરક ન હતો. કદાચ વધારે ચમક અને ચેતના હતા.

રાજાએ પૂછ્યું "આ શું ?"

યુનાનના ચિત્રકારોના અગ્રણીએ વાત કરી :

"અમે તો એક જ કળા શીખ્યા છીએ. દીવાલ કે કેન્વાસને રંગવા કરતાં બદલી નાંખવું સારું. છેલ્લા પંદર દિવસથી અમે આ દીવાલને અરીસો બનાવવામાં જ મથ્યા છીએ. તેનો ખૂણે ખૂણો ઘસીઘસીને એવો લીસો બનાવી દીધો કે દીવાલ ખુદ દર્પણ જ બની ગઈ. દર્પણ ક્યારેય ખોટું ન બોલે, ન બતાવે. જેવું હોય તેવું ઉપસાવે."

યુનાની કલાકારોની આ કલા પર રાજા કુરબાન થઈ ગયો.

ભેટ સોગાદાથી તેમને નવાજ્યા.

બોધ : બે પ્રકારના સત્સંગ અને સત્સંગી છે :

૧. દીવાલને સજાવનારા ૨. દીવાલને ચમકાવનારા

દીવાલની સજાવટ એટલે બાહ્ય આચાર, વ્યવહાર, વિવેક, વ્યવસ્થા, ખાનપાન, સુશોભન, કપડા આદિ સંબંધી પુરુષાર્થ-ચિંતન અને જાળવણી.

સોનાના શિખરવાળું મંદિર, કલાત્મક ધુમ્મટ, આરસના આંગણા, નકશીદાર સિંહાસન, હરિયાળા બાગ-બગીચા-ફૂવારા-સુંદર કમનીય મૂર્તિઓ, આરામદાયી ઉતારા, રુચિકર ભોજન, નૃત્ય-સંગીત-સભા-ઉત્સવ...

એક સત્સંગ આ પ્રકારનો છે. જે બહિર્લક્ષી છે. અને પ્રાથમિક આકર્ષણ માટે તે જરૂરી પણ છે.

બીજો સત્સંગ છે દીવાલને પરિવર્તિત કરનારો. જેમાં આંતર રૂપાંતરને પ્રાધાન્ય છે.

બહાર નહીં, અંદર શું અને કેવું થયું ?

કેટલા વર્ષ જૂના છો ? એવું નહીં, કેવા સત્સંગી છો ?

કેટલી સેવા કરી એમ નહીં, સેવાથી કેટલા બદલાયા ?

કેટલું દાન કર્યું એમ નહીં, દાનની વિસ્મૃતિ કેટલી રહી ?

કેટલી માળા ફેરવો છો એમ નહીં, સ્મૃતિ સાથે કેટલા મણકા ફર્યા ?

કેટલો ટાઈમ પૂજા કરી એમ નહીં, પૂજા કેટલી માણી ?

આખું વર્ષ સભા ભરી એમ નહીં, કેટલી વાર સમયસર હાજર થયા ?

એકાદશી કરી એમ નહીં, ખાવાના વિચારો કેટલા આવ્યા ?

અંતરની આરસીને ચમકાવીને એમાં પ્રભુનું પ્રતિબિંબ પાડવાની ચેષ્ટા કરનારા અને પાડનારો બીજા પ્રકારનો સત્સંગ છે. જે અંતર્મુખી છે. સત્સંગની અંતિમ ફળશ્રુતિ આ જ છે અને આ જ રહેવી જોઈએ.

જૂનાગઢ મંદિરની મૂર્તિઓ માટે જ સાધુઓ જયપુર શિલ્પી પાસે ગયા. સાધુઓના લઘર વઘર વેશ જોઈને મૂર્તિકાર કહે, "કરોડોનું મંદિર હોય એમાં આવી મૂર્તિ શોભે. મંદિર પ્રમાણે મૂર્તિનો ઓર્ડર આપો."

સાધુઓએ જૂનાગઢ મંદિરના નકશા બતાવી કહ્યું, "મંદિર પ્રમાણે મૂર્તિઓ લેવા આવ્યા છીએ. જૂઓ આ નકશા."

નક્શા જોઈ શિલ્પકાર આશ્ચર્ય પામ્યો ને કહે, "જો ખરેખર આવું અદ્‌ભુત મંદિર હોય, મૂર્તિ કાઢી આપું."

જયપુરથી જૂનાગઢ આવીને સાધુઓએ આ પ્રસંગ બ્રહ્માનંદ સ્વામીને કહ્યો.

એ વાત સાંભળીને સ્વામી અદ્‌ભુત ઉપદેશ વચન બોલ્યા,

"આપણા માટેય મૂર્તિ તો તૈયાર છે, પણ મંદિર વગર મૂર્તિઓ પધરાવશો ક્યાં ? માટે શિક્ષાપત્રીના ૧૧૬માં શ્લોકમાં કહ્યું એવું મંદિર કરતા શીખો, તો મહારાજ બેસશે."

ભગવાનની મૂર્તિ હૃદયમંદિરમાં બિરાજીત થાય એ જરૂરી જ નહીં, પણ અનુવાર્ય અને અંતિમ લક્ષ પણ છે.

૧૧૬મો શ્લોક એટલે

નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણં ।
વિભાવ્યતેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥

આ લક્ષને હૃદયના પ્રવેશદ્વારમાં જ કોતરવું જોઈએ, જેથી સત્સંગની પ્રત્યેક ક્રિયા કરતા પહેલાં જ જાણપણું મળે.

આ તો શક્ય બને જો બહાર રંગરોગાન સાથે અંતરની આરસીને ચમકાવવાનો સંકલ્પ, પરુષાર્થ અને ધીરજ રહે.

## ચરિત્ર બુંદ

# ત્રણસોમાં જ થવું જોઈએ

- પુ. સ્વામી પરમહંસદાસજી

જનમંગલ નામાવલિમાં મહારાજના ૧૦૮ શુભ અને મંગલકારી નામો છે. તેમાં એક નામ છે : સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ

શ્રી સહજાનંદ સ્વામીને બ્રાહ્મણો બહુ પ્રિય. બ્રહ્મ ભોજન કરાવવા તેઓ સદા તત્પર રહેતા. આવા પ્રસંગને ચોરાસી કેહવામાં આવતી. અમદાવાદ, જેતલપુર, ડભાણ વગેરે સ્થાનોમાં મહારાજે આવી ચોરાશીઓ કરેલી.

આવી જ એક અદ્‌ભુત ચોરાશી મહારાજે ગઢડામાં પણ કરી તે માણીએ.

"મહારાજ ! આ પાંચાળની ધરતી પર ને તેમાંય અમારે ગઢડે ગામ તમે ક્યારેય બ્રાહ્મણોની ચોરાશી કરી નથી. તો પ્રભુ ! આ વખતે એવું કરો કે કાઠિયાવાડના બ્રાહ્મણો પેટ ભરીને લાડુ જમે, આપનો જયજયકાર થાય."

ભક્તરાજ દાદાખાચરે મહારાજ સમક્ષ હાથ જોડીને વિનંતી કરી.

આ વાતમાં ડાહ્યા સુરાખાચરે પણ દાદાની વાતમાં સૂર પુરાવ્યો.

દાદાના દરબારમાં હરિવર નીંબતરુ નીચે ઢોલિયે વિરાજ્યા છે. સન્મુખ ભગવી આભામાં સંતો શોભે છે. એક બાજુ વાંકડી મૂછાળા, મોટા પાઘવાળા કાઠી-દરબારો સખાભાવથી અલબેલા સાથે વિનોદ કરી રહ્યા છે.

વાત-વાતમાં દાદા ખાચરે ગઢડામાં ચોરાશીનું જમણ કરવા મહારાજને વાત કરી.

એ વાતમાં અન્ય કાઠી ભક્તોએ પુષ્ટિ કરી.

મંદ મંદ હસતા હરિવરે હકારમાં પાંપણો પલકારી.

માતરા ધાધલે કહ્યું : 'મહારાજ ! આપની શી મરજી છે ! દાદાખાચરની વાત વાજબી છે. અહીં આટલા વરસોથી આપ રહ્યા છો પણ બ્રાહ્મણોની ચોરાશી હજી સુધી થઈ નથી, વળી, મેઘપુરમાં તો છ મહિના સુધી ચોરાશી કરી હતી. આપણે ત્યાં એક દિવસની તો કરો.'

વહાલાએ મરમાળું સ્મિત કરીને કહ્યું : 'બાપુ ! વાત ખરી છે પણ દાદાને ત્યાં તો અમે આવ્યા ત્યારથી નિત્ય ચોરાશી થાય છે. આવડો મોટો સંત-સમુદાયને વળી દેશ દેશથી હરિભક્તો પણ રોજ-રોજ આવતા જતા રહે છે. એ બધાને રાખવા-જમાડવા, બરદાશ કરવી તેમાં દાદાએ પાછું વાળીને જોયું નથી. પેલી ચોરાશી દેખાય, આ ન દેખાય !!'

સૌને મહારાજની વાત વાજબી લાગી.

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ આપની ઈચ્છા હોય તો અમે ભિક્ષા માગીને જમીશું, પણ એકવાર અહીં બ્રાહ્મણોની ચોરાશી કરો.'

સંતો જાણતા હતા જે દાદાખાચર બધાનું કેવી રીતે પુરું કરે છે ! ક્યારેક તો કોઠીમાં દાણો જ ન હોય ! સંતોના આગ્રહથી મહારાજ કહે : 'જોઈશું !'

આ વાતને છ મહિના વીતી ગયા. મહારાજ વડતાલ પધાર્યા. ચૈત્રી પૂનમનો સમૈયો રંગે ચંગે કર્યો.

ભક્તોએ મહારાજની પૂજા કરી તે ત્રણસો રૂપિયા થયા. મહારાજે સોમલા ખાચરને તે રૂપિયા સાચવવા આપ્યા. સખા સંગે મહારાજ પાછા ગઢપુર પધાર્યા.

સવારનો પહોર છે. ઉગમણી દિશાએ લલાટમાં હિંગળો પૂર્યો છે. સૂરજની કેસરવર્ણી પ્રભા દાદાના ઉગમણા બારના ઓરડાની ઓશરીએ લીપાઈ રહી છે. ઢોલિયે બિરાજેલા મહારાજનું મુખારવિંદ સૂર્ય હળવા હાથે પંપાળી રહ્યો છે. ચોકમાં ભક્તો હકડેઠઠ ભરાઈને બેઠા છે.

ગુલાબનું પુષ્પ સૂંઘતા માણીગર મહારાજે આંખના ઈશારે સોમલા ખાચરને બોલાવ્યા, ને કહ્યું : 'આપણે વડતાલથી ત્રણસો રૂપિયા લાવ્યા છીએ તે ક્યાં સાચવવા ? માટે એની જ ચોરાશી કરી દઈએ.'

સોમલો ખાચર કહે : 'એથી રૂડું શું ? અબ ઘડી લાવી દઉં.' એમ કહી બાપુ રૂપિયા લેવા ગયા.

મહારાજે સૌને કહ્યું : 'અમારી પાસે ત્રણસો રૂપિયા છે. તેની ચોરાશી કરવી છે. માટે તેટલામાં જ પૂરું થઈ રહે તેમ કરવું છે. અરધો પણ વધે કે ઘટે નહિ. બધું બરોબર થઈ રહે એવું આયોજન કરો.'

દાદાખાચરના કારભારી હરજી અને લાધા ઠક્કરને બોલાવ્યા. કામની વહેંચણી થઈ.

ફરી મહારાજે લાધા ઠક્કરને કહ્યું : 'કારભારી ! ત્રણસોમાં જ ચોરાશી કરવી છે. ખર્ચ વધે નહિ હોં !' લાધા ઠક્કરે નતમસ્તક થઈ હાથ જોડી કહ્યું : 'ભલે મહારાજ ! આપની દૃષ્ટિથી બધું બરાબર થઈ જશે.'

કાઠિયાવાડ, ઝાલાવાડ, ગોહિલવાડ પંથકમાં બ્રાહ્મણોની યાદી તૈયાર કરી ઠેર ઠેર નોતરાં પહોંચાડવામાં આવ્યા. સીધા-સામગ્રી બોટાદથી મંગાવાઈ.

'સ્વામિનારાયણ ગઢડે ચોરીશી કરે છે.' એ વાત લાકડિયા સંદેશાની જેમ ગામોગામ વહેતી થઈ.

ભાદરવા સુદ ચૌદશની તિથિ નક્કી થઈ ગઈ હતી. મહારાજે લક્ષ્મીવાડીની ખુલ્લી જગ્યામાં શમિયાણો બંધાવ્યો. પોતે આંબલા તળે બિરાજ્યા.

જે સમયે બ્રાહ્મણો સ્વયંપાકી હતા. કોઈના હાથનું રાંધેલું જમતા નહિ. બ્રાહ્મણોના ચોરાશી પ્રકારના જ્ઞાતિભેદ હોવાથી બધી જ્ઞાતિઓને જમાડે તેને 'ચોરાશી કરી' એમ કહેવાતું.

હરિવર નિજ હાથે બ્રાહ્મણોને સીધું આપવા લાગ્યા. 'સ્વામિનારાયણની જય' કરતા બ્રાહ્મણો મલકાતા અને પંક્તિબદ્ધ એક પછી એક આવવા લાગ્યા.

રાંધણ ચૂલા, અડાયાં છાણાં, ગાળેલા પાણી, નાના-મોટાં વાસણો બધી જ તજવીજ કરી હતી. જ્ઞાતિવાર અલગ અલગ સુવિધાઓ અપાઈ. આ બધા ચોકાઓની દેખરેખ ચૂસ્ત સત્સંગી હરિભક્ત વિપ્ર માયારામ ભટ્ટને મહારાજે સોંપી. કહ્યું કે, 'દરેક ચોકે ફરજો, બ્રાહ્મણોની ખબર રાખજો, પૂછજો, જે જોઈએ તે આપજો.' એમ કહી મહારાજ લક્ષ્મીવાડીમાં જ નિષ્કુળાનંદ સ્વામીની ઓરડીએ પધાર્યા. આજે મહારાજે પણ અહીં ચોરાશી જમવાનું નક્કી કર્યું હતું.

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : 'પ્રભુ ! આ બધા બ્રાહ્મણો તો સ્વયંપાકી છે. તમારે ચોરાશીમાં રહેવું હોય તો સ્વયં રસોઈ કરવી પડશે.'

'ભલે સ્વામી !' કહેતાંક મરમાળો મંદ મંદ હસ્યા.

રસોઈ બનાવવા મહારાજની મદદમાં મૂળજી બ્રહ્મચારી શુકમુનિ, નિત્યાનંદ સ્વામી વગેરે વિપ્ર જ્ઞાતિના સંતો રહ્યા.

હજુ રસોઈનો પ્રારંભ થયો જ હતો ત્યાં માયારામ ભટ્ટ હાંફળા-ફાંફળા થતાં મહારાજ પાસે આવ્યા ને કહેવા લાગ્યા : 'મહારાજ ! તમે મને

બ્રાહ્મણને બ્રાહ્મણોના ચોકે મૂક્યો તે મારાં ધન્ય ભાગ્ય. પણ પ્રભુ ! આમાં તો પવિત્ર કરતાં અપવિત્ર બ્રાહ્મણો વધુ છે. વળી તમાકુ મોમાં ભરીને અહીં-તહીં થૂંકતા જાય ને કુત્સિત વાણી બોલતા જાય. નાકમાંથી શેડા નીકળે તે બાજુમાં જ હ..હ..ડ કરતા છોડે ને એ શેડાવાળા હાથ ધોયા વગર રસોઈ કરવા મંડે ! વળી, છોકરાવને સંગાથે લાવ્યા હોય તેને તો હાથપાણીનુંય ઠેકાણું નહિ ! મને તો આ બધું જોઈને કંઈને કંઈ થઈ ગયું.'

મહારાજ આ સાંભળી હસ્યા ને કહ્યું : 'ભટ્ટજી ! અમે તમને આવું બધું જોવા નહોતા મોકલ્યા. એમનું રાધેલું એમને જમવું છે તો મૂકોને માથાકૂટ. તમારે તો એ લોકોને કોઈ ચીજ વસ્તુ જોઈતી હોય, ઘટ્ય પડી હોય તે પહોંચતી કરવી. બીજું બધું ન જોવું.'

ભટ્ટજી કંઈ બોલ્યા વગર પોતાની ફરજ પર ચાલ્યા ગયા. પણ મનમાં ઉત્પાત ઘણો થયો.

આ બાજુ મહારાજ અબોટિયું ધારણ કરી લાડુ વાળતા હતા ત્યારે આ બધું સખાઓ તેમની સન્મુખ દર્શન કરતા રજૂ કરવા લાગ્યા ને હાસ્યની છોળો ઉડાડવા લાગ્યા.

મહારાજ કહે : 'ભટ્ટજી ભગવાનનું માણસ છે. એમણે શાસ્ત્રોની રીતે બ્રાહ્મણના ધર્મ, પહેરવેશ, પવિત્રતા બધું જીવનમાં દૃઢ કર્યું છે, પણ ધન્યવાદ દેવા જોઈએ કે રાજગરને ચામડા જેવા ચોફાળ પહેરાવ્યે છૂટકો કર્યો !'

પછી તો એ હાસ્યની છોળોમાં ભક્તોએ હરિવરને ભીંજવી દીધા. ભટ્ટજીના ચોખ્ખાઈના પ્રસંગો એક પછી એક સૌ યાદ કરાવવા લાગ્યા ને એમ રસોઈ તૈયાર થઈ ગઈ.

સૌ વિપ્રો ઘીથી લચપચતા લાડુ જમવા લાગ્યા. આગળના દિવસથી ભૂખ વેઠીને સૌ વિપ્રો આવ્યા હતા તેથી શેરે શેર ઘીના લાડુ થોડીવારમાં જ 'હર હર'ના નાદ સાથે ઓહિયા કરવા લાગ્યા. કોઈ દસ સુધી લાડુ જમે તે ગણતરીમાં જ લેવાતા નહિ. બે બેડિયા લાડુ જમે પછી ઓડકારા ખાય તેવા બ્રાહ્મણને શિરપાવ અપાતો. (બેડિયું એટલે કેરી વેડવાનું વેડિયું. એક બેડિયામાં બારથી પંદર કેરી સમાય.)

આ બાજુ શ્રીજી મહારાજે પણ ત્યાં જ ભોજન અંગીકાર કર્યું. સૌનું રસોડું અહીં જ કર્યું હોઈ સંતો-ભક્તોને પણ મહારાજે ચોરાશી જમાડી.

ઢળતા બપોરે સૌ વિપ્રો જમી તૃપ્ત થયા. 'સ્વામિનારાયણની જય' એમ બોલતા બધા બ્રાહ્મણો મહારાજ પાસે પગે લાગવા આવ્યા. મહારાજે સૌને દક્ષિણા આપી વળાવ્યા.

હરિવરે ચોરાશીના ખર્ચનો હિસાબ મેળવવા લાધા ઠક્કરને કહ્યું ને એ પછી બે વાર યાદ કરાવ્યું કે 'હિસાબ લાવો.'

બીજે દિવસે એ હિસાબ લાવ્યા. તેમાં ખર્ચમાં સો રૂપિયા વધી ગયા.

મહારાજ કહે : 'અમે તમને ત્રણસો રૂપિયાની રજા આપી હતી ને આટલા કેમ થયા ! અમારે એ સો ક્યાંથી આપવા !' એમ લાધા ઠક્કરને વઢવા લાગ્યા. એ વખતે બોટાદના અદો શેઠ મહારાજનાં દર્શને આવેલ. તેમણે જોયું કે મહારાજને સો રૂપિયાની જરૂર છે. તેમણે જરા પર ખચકાટ વિના તરત શ્રીજીના ચરણે સો રૂપિયાની ભેટ ધરી પગે લાગ્યા. મહારાજ તેના પર બહુ પ્રસન્ન થયા.

આમ, ગઢપુરની ચોરાશી રંગચંગે ઊજવાઈ ગઈ.

# ત્રણ પ્રકારનો કુસંગ

- શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

એક મદારીએ બકરી અને વાંદરો પાળેલા. એક દિવસ બકરીને ઝાડ સાથે બાંધી તે ગામમાં ગયો. વાંદરો ઝાડ ઉપરથી નીતે ઉતર્યો. મદારીનું બધું ભોજન ડબા ખોલીને ખાઈ ગયો ને વધેલું થોડું દહીં બકરીના મોઢે ચોપડી ઝાડ પર ચડીને સૂઈ ગયો. મદારી ભૂખ્યો થયેલો. તેણે બધું ભોજન ખલાસ થયેલું જોયું. સામે બકરીને જોઈ. એના મોઢે દહીં ચોંટેલું. એટેલે ગુસ્સામાં આવી બકરીને બરાબર ખૂબ માર માર્યો. વાંક હતો વાંદરાનો, પણ માર ખાવો પડ્યો નિર્દોષ બકરીને. એમ કુસંગીની સોબતથી આપણને વિઘ્ન આવે જ.

કુસંગથી શા માટે દૂર રહેવું ? એનું સુંદર વર્ણન ‘શ્રી હરિલીલામૃત’માં આ રીતે કરેલું છે :

કુસંગનો સજ્જન કોઈ સંગ,
કરે ચડે અંગ કુસંગ રંગ;
જો ઊજળું વસ્ત્ર વિશેષ હોય,
કાળું થશે કાજળ સંગ તોય.
કુસંગી સંગે સુજનો પીડાય,
તે સંગનો દોષ સદા ગણાય;
લોહી પીને માંકડ નાસી જાય,
તે સંગથી માર પલંગ ખાય.
સારો છતાં સ્વલ્પ કુસંગ થાય,
તો રૂપ તેનું બદલાઈ જાય;
જો દૂધમાં સ્વલ્પ પડે જ છાશ,
મીઠાશ જઈને પ્રકટે ખટાશ.
ચોખા તણું છે નરજાતિ નામ,
જો દાળમાં જઈ કરશે વિરામ;
તો તેહનું સૌ પુરુષત્વ જાશે,
ખરેખરી તો ખીચડી ગણાશે.
કુસંગ જો અંગ કરે પ્રવેશ,
ધર્મી તણો ધર્મ રહે ન લેશ;
જો ધર્મરાજા બહુ જાણનાર,
જુગારી સંગે રમિયા જુગાર.
કુસંગથી સત્સંગ ચાલ્યો જાય છે
માટે તેથી દૂર રહેવું.

નિષ્કુળાનંદ સ્વામી :

‘જેની પાસે હોય જોખમ જાળવો તે જતન કરી;
માથે માટે છે વેરા વિષમ, ખોટી નહિ વાત ખરી.’

જેની પાસે રૂપિયા હોય તેણે લૂંટારાથી સાવચેત રહેવું પડે. તેમ સત્સંગીએ કુસંગથી સાવચેત રહેવું પડે.

અનંત જન્મોનાં પુણ્યનાં પ્રતાપે આ સત્સંગ મળ્યો છે. કારણ કે એના દ્વારા જ શાશ્વત સુખ, અખંડ શાંતિ અને કાયમી મુક્તિ થવાની છે. માટે તેને વિશેષ સાચવવો પડે. આપણને મળેલા આ સત્સંગને માથે કાઈ ઘાતક જોખમ હોય તો તે કુસંગ. કુસંગના યોગથી દુર્દશા થાય તે દૃષ્ટાંત દ્વારા સમજીએ.

એક તો સો જન્મ એકાંતિક થવાનો હોય ને તેને ઉતરતાંનો સંગ થાય તો સો જન્મ ધરવાં પડે તેમાં દૃષ્ટાંત; જેમ દશ મણ પાણા સાથે એક મણ લાકડું બાંધે તે લાકડાને બૂડાડે, ને દશ મણ લાકડા સાથે એક મણ પાણો બાંધે તે પાણાને તારે, એમ સંગમાં ભેદ રહ્યો છે. (હરિચરિત્રામૃત સાગર)

લાકડું તરી શકે તેવું છે, છતાં ડૂબી જાય, તેમ સત્સંગ આપણને તારે આવો જ છે, પણ

જાણપણું ન હોય તો ડૂબાડે.

નિષ્કુળાનંદ સ્વામી : 'પય સાકર સુંદર ત્યાં લગી, જ્યાં લગી ન ભળી લાળ ભોયંગની;

તેમ હરિજન સારો ત્યાં લગી, જ્યાં લગી ન મળી સોબત કુસંગની.' - 'વચનવિધિ'

માટે કરેલી ભક્તિ નિષ્ફળ ન જાય તે માટે કુસંગથી ચેતતા રહેવું.

જનક રાજા વિદેહી કહેવાતા, આત્મા-પરમાત્માનાં યથાર્થ જ્ઞાન તથા સાંખ્ય જ્ઞાનને જીવનમાં ઉતારેલું. તેઓ કહેતા કે, 'મારા અડધા શરીરને તલવારથી કાપે, તેમાં મારે સમભાવ છે.' આવી અલૌકિક સ્થિતિ અને સમજણ તેઓ ધરાવતા હતા. છતાં મહારાજ વડતાલના ૨૦મા વચનામૃતમાં કહે છે :

"આવી જનક જેવી સમજણ હોય તોપણ કુસંગ તો કોઈ પ્રકારે કરવો જ નહિ, એ સિદ્ધાંત છે."

કુસંગથી દૂર રહેવા માટે તેને ઓળખવો પડે. એકવાર એક પોપટને તેનો માલિક શિખવાડીને ગયો કે બિલ્લી આયે તો ઊડ જાના પણ બિલ્લી બતાવી નહોતી. તો બિલાડી આવી, બિલાડીએ તેને પકડ્યો તોય બોલતો રહ્યો કે બિલ્લી આયે તો ઊડ જાના. અંતે બિલ્લી તેને ખાઈ ગઈ. તેમ કુસંગથી દૂર રહેવાની વાત બરાબર છે, પણ તે માટે કુસંગને તો ઓળખવો જોઈએ.

- ત્રણ પ્રકારના કુસંગ છે :

૧. બહારનો કુસંગ :

બહારનો કુસંગ એટલે ખરાબ વ્યક્તિ, ખરાબ વાતાવરણ, ખરાબ વાંચન અને ખરાબ વસ્તુનો સંગ. આ એક-એક આપણને જીવન તથા સત્સંગમાં વિઘ્ન કરે તેમ છે.

મંથરા જેવી ખરાબ વ્યક્તિનો સંગ થયો તો કૈકેયીની મતિ બગડીને રામાયણ.

કસાઈને ઘેર પાળેલો પોપટ તે માર-માર બોલતાં શીખ્યો, અને ભગતને ઘેર પાળેલો તે રામ-રામ બોલતાં શીખ્યો. માટે સંગ તેવો રંગ - તે પ્રમાણે ખરાબ વ્યક્તિની જેમ ખરાબ વાતાવરણની પણ અસર થાય છે.

વચ. પ્ર. ૧૮ : 'આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે. તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને કેટલાક દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય, અને કેટલાક દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને નાનાપ્રકારની વેશ્યાઓ થેઈ-થેઈકાર કરી રહી હોય અને નાના પ્રકારના વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય. માટે સત્સંગને અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે. તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે. અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી.'

આજ જમાનાનું "કલબ કલ્ચર" એ આ જ વાતની લેટેસ્ટ આવૃત્તિ છે.

દેશ અને વિદેશમાં કુસંગીના સંગે ઘણા ગુજરાતી દારૂડિયા, માંસાહારી બની જાય છે.

વાતાવરણની અસર.

માતા-પિતાને યાત્રા કરાવતો શ્રવણ એક જગ્યાએ વિસામો લેવા ઊભો રહ્યો અને ત્યાં તેની મતિ બગડી. મા-બાપ પાસે તે યાત્રા કરાવવાનું મહેનતાણું માંગવા લાગ્યો. મા-બાપને આશ્ચર્ય થયું, વિચાર્યું કે આ ખરાબ ભૂમિ આવી લાગે છે. મા-બાપે આગળ જઈ વિચારવા કહ્યું. ખરાબ ભૂમિ પસાર થઈ ગઈ ને શ્રવણના વિચાર બદલાયા. પશ્ચાત્તાપ થયો - વાતાવરણની અસર.

વચ.પ્ર.૨૯ : 'સિંધ જેવો દેશ હોય ત્યાં ક્રિયા ભૂંડી જ થાય.' માટે ખરાબ વાતાવરણથી દૂર

રહેવું. ખરાબ વાંચન પણ અસર કરે. વિખ્યાત કેળવણીકાર કાકા કાલેલકર નાના હતા ત્યારે તેમના પિતાની ઓફિસમાં કામ કરતા કારકુને એક ખરાબ ચોપડી તેમને વાંચવા આપી તેના અનુભવ વિષે તેઓએ લખ્યું છે : મેં એવી એ એક જ ચોપડી વાંચી. એની અસર એ વખતે કશી ન થઈ. પણ ઉનાળામાં વાવેલું બીજ "ઘન વરસે વન પાંગરે" છે તેમ ઉંમર વધ્યા પછી એ ચોપડીના વાંચીને અસર બતાવી અને મનમાં મેલા વિચારો આવવા લાગ્યા - આ ખરાબ વાંચનનો પ્રભાવ.

ભગવાનનું ચિત્ર સારા વિચારો લાવે અને અશ્લીલ ચિત્ર ખોટા વિચારો લાવે છે. - હાલ ટી.વી. ૨૪ કલાક કુસંગ પીરસતી હોટલ છે.

વિશ્વને વિશ્વયુદ્ધમાં ઘસડી જનાર હિટલરનું પુસ્તક : 'માઈન કામ્ફ' : (જર્મન નામ છે, તેનો અર્થ થાય છે - મારો સઘર્ષ) કહેવાય છે કે આ પુસ્તક વાંચીને લોકોને ઝનૂન ચડ્યું અને ૬૦ લાખ યહૂદીઓ તથા અન્ય નિર્દોષ લોકોની કત્લેઆમ થઈ. ને બીજી બાજુ જહોન રસ્કિનું "અન ટુ ધ લાસ્ટ" પુસ્તક ગાંધીજીએ વાંચ્યું અને તેમાંથી તેઓને સત્યાગ્રહની પ્રેરણા મળી, ને વિશ્વની સૌથી મોટી અહિંસક ક્રાંતિ થઈ.

ખરાબ વસ્તુ પણ એટલી જ ખતરનાક છે. હાથમાં માળા હોય તો ભગવાન ભજવાના વિચાર આવે ને લાકડી હોય તો મારવાના વિચાર આવે. મોબાઈલ હોય તો અમથા બટન દબાવ્યા કરવાનું મન થયા કરે.

વાલ્મીકિ 'રામાયણ'માં પ્રસંગ છે : સીતા રામને ધનુષ્ય ન રાખવા વિષે કહે છે : રામ કહે : 'શું વાંધો ?' સીતા કહે : 'એક ઋષિ આ તલવાર જોઈને હાથમાં લઈ ફેરવી તો આજુબાજુના છોડ કપાઈ ગયા. તેને થયું, આ તો સારું - રસ્તો સાફ કરવા કામમાં આવશે. તેમ વિચારી તલવાર સાથે રાખી. ધીરે ધીરે તલવાર ઘાસ પરથી ગરદન પર ફરવા માંડી. તે ઋષિ, ઋષિમાંથી ડાકુ બની ગયા.' - ખરાબ વસ્તુ તેનો ભાગ ભજવે જ.

માટે આ બહારના કુસંગથી ચેતતા રહેવું બને ત્યાં સુધી તેવો સંગ જ ન કરવો. કદાચ કરવાનો પ્રસંગ આવે તો સાવધાની રાખવી કે તેનો રંગ આપણને ન લાગી જાય. માટે રામકૃષ્ણ પરમહંસ કહેતા : 'આપણે અગ્નિ જેવા થવું. પાણી જેવા નહિ; પાણીમાં જે રંગ નાંખો તેવું પાણી થઈ જાય, જ્યારે અગ્નિ દરેકને પોતાને રંગે રંગી દે.'

૨. અંતરનો કુસંગ :

અંતરનો કુસંગ એટલે મનમાં ખોટા ઘાટ થાય તે, ઈન્દ્રિયો-અંતઃકરણને વિષય ભોગવવાના ઘાટ આજ્ઞા બહાર થાય તે.

મોટા સંતો કહેતા : 'તમે સત્સંગી થયા પણ તમારી આંખ સત્સંગી થઈ ? કાન સત્સંગી થયા ? જીભ સત્સંગી થઈ ?'

આજ્ઞા બહાર વિષય ભોગવીએ તેથી સત્સંગ ચૂંથાઈ જાય છે.

ફિલ્મી ગીતો, બીભત્સ વાતચીતનું શ્રવણ આપણો સત્સંગ મુકાવી દે છે.

એકલશ્રૃંગીએ વેશ્યાના હાથનાં ફળ ખાધાં ને વિકાર જાગ્યા, ભ્રષ્ટ થયા : જીભનો કુસંગ નડ્યો. - આપણાથી હોટલ-લારીનું ખવાય તો તે કુસંગ નડે.

વચ. પ્ર. ૧૮માં ઈન્દ્રિયો-અંતઃકરણના કુસંગની વિસ્તૃત સમજ શ્રીજી મહારાજે આપી, અંતે કહ્યું : 'જો પંચઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે, તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે. માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કોઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તો પંચઈન્દ્રિયના વિષય જ છે.'

વળી, વચ.પં.૩માં આ કુસંગથી બચવાનો ઉપાય જણાવતાં શ્રીજી મહારાજ કહે છે : 'એ પંચઈન્દ્રિયોરૂપ શત્રુને કેદમાં રાખીને ભગવાનની

ભક્તિરૂપ કામ લેવું. જેમ કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે પણ છૂટો મેલે નહિ ને વિશ્વાસ પણ કરે નહિ, અને જો તેને છૂટો મેલે ને વિશ્વાસ કરે તો તે રાજાને તે વૈરી નિશ્ચય મારે. તેમ જો ઈન્દ્રિયોરૂપી વૈરીનો વિશ્વાસ કરે ને છૂટો મૂકે ને કેદમાં રાખે તો તેને નિશ્ચય ભગવાનના માર્ગ થકી  પાડી નાખે છે, માટે એનો વિશ્વાસ ન કરવો અને વળી જેમ અંગ્રેજ કોઈ ગુનેગારને પકડે ત્યારે તેને પાંજરામાં ઊભો રાખીને પૂછે છે પણ છૂટો મૂકતો નથી ને તેનો વિશ્વાસ કરતો નથી. તેમ ઈન્દ્રિયો - અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી.'

આમ, નિયમ-ધર્મમાં રહીએ તો અંતરનો કુસંગ ન નડી શકે.

૩. સત્સંગનો કુસંગ :

સત્સંગનો કુસંગ વાંચી આપણને આશ્ચર્ય થાય કે સત્સંગમાં કુસંગ કેવી રીતે હોય ?

પાણીમાં આગ હોઈ શકે ખરી ?

પ્રકાશમાં અંધકાર હોઈ શકે ખરો ? તેમ સત્સંગમાં કુસંગ હોઈ શકે ખરો ?

વિરોધી લાગતી આ વાત શ્રીજી મહારાજે પોતાની સૂક્ષ્મબુદ્ધિથી શોધીને આપણને સમજાવી છે ને સાવધ રહેવાની શીખ આપી છે.

સત્સંગમાં કુસંગ એટલે...

વચ. પ્ર. ૧૭ : 'આપણા સત્સંગમાં થોડો કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે અને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વ સત્સંગીમાં પ્રવર્તે. તે સત્સંગમાં કુસંગ તે શું છે તો જે વાતના કરનારા હિમત્ય વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે.'

આમ, મોળી, બળહીન, મહિમારહિત વાતો કરવી તે જ સત્સંગનો કુસંગ છે.

સત્સંગમાં કુસંગ એટલે અમહિમા, અભાવ-અવગુણની વાતો કરવી ને સાંભળવી તે. આ કુસંગથી પણ સત્સંગમાં વિઘ્ન આવે છે. જીપ્સ્ફ્ડ્ર ઝ્ર્ફ્ટીર્ફ્ર્ૈં ર્જહ !

બૂઢા ધાધલનો સંગ થયો તો વસ્તાખાચરની મતિ ભમી ગઈ.

મોટા સંતો કહેતા : 'સત્સંગમાં કુસંગનો યોગ થાય તો બ્રહ્મરૂપ હોય તો દેહરૂપ કરી નાંખે. ને સત્સંગમાં સારાનો યોગ થાય તો દેહરૂપ હોય તો બ્રહ્મરૂપ કરી દે.'

સત્સંગમાં કુસંગની એટલે કે અભાવ-અવગુણની વાત કરનારને શ્રીજી મહારાજે વચ.ગ.અં.૧૨માં હડકાયા કૂતરા જેવો કહ્યો છે. શ્રીજી મહારાજ કહે છે : 'ભગવાન તથા ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાનો કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી. અને ઝેર ખાય અથવા સમુદ્રમાં પડે અથવા કોઈ રાક્ષસ મળે ને ખાઈ જાય તો એક જ વાર મરવું પડે. અને જે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંતકોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે.'

શ્રીજી મહારાજને અવગુણની વાત કરનાર પર ખૂબ દાઝ ચડે છે. 'વચનામૃત' ગ. અં. -૨૧માં તેઓ કહે છે : 'અમારી આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠો જ ગમે નહિ અને જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું તો અન્નજળ પણ ભાવે નહીં. અને દેહનો સંબંધી હોય પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લે તો તે સાથે પણ અતિશય કુહેત થઈ જાય.'

મોળી વાત કરનાર પર પણ શ્રીજી મહારાજને ચીડ હતી. ગ.પ્ર.૧૭માં તેઓ કહે છે : 'આપણા સત્સંગમાં કોઈ પણ હિમત્યરહિત વાત કરશો નહિ. સદા હિમત્ય સહિત જ વાત કરજ્યો અને જે એવી હિમત્ય રહિત વાત કરે તેને તો નપુસંક જાણવો અને એવી હિમત્ય વિનાની વાત જે

દિવસ થઈ જાય તો તે દિવસ ઉપવાસ કરવો.'

આવો કુસંગ જો આપણને લાગે તો સત્સંગનું સુખ ન આવે - સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું છે, જો અભાવ-અવગુણરૂપ ખટાશ ન ભળે તો.

બધાને બ્રહ્મની મૂર્તિ સમજીએ તો ચોવીસ કલાક અખંડ આનંદ રહે. (ગ.મ.-૬૩)

મહાભારતમાં આ કુસંગ પ્રવેશવાનાં કારણો બતાવતાં કહે છે કે આ લોક અને ભોગની આશક્તિ હોય ને તેનું કોઈ ખંડન કરે તો અવગુણ આવે.

વચ. લો.૧૭ : ' જો દેહાભિમાની હોય ને પંચવિષયનો અતિશય અભાવ ન થયો હોય, તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો તો યથાર્થ નિશ્ચય હોય તોપણ જો પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે, તો તેનું માથું શસ્ત્રે કરીને મૂકાવી દે એવો દ્રોહ કરે.'

એકવાર શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને સત્સંગમાં પ્રથમ નંબરના સત્સંગી કોને ગણવા તે પૂછ્યું, મુક્તાનંદ સ્વામીએ અલૈયાખાચરનું નામ ન દીધું. - તો મુક્તાનંદ સ્વામીને મારી નાંખવા તૈયાર થઈ ગયેલા.

સત્સંગમાં પક્ષ બંધાતાં પણ અન્યનો અવગુણ આવે જેમાં આપણને હેત તેને કાંઈ થાય તો આપણને બીજા સાથે આંટી બંધાય.

આમ, આ સત્સંગનો કુસંગ પણ વિઘ્ન કરે છે. તેથી બચવા પોતા તરફ દૃષ્ટિ કરવી.

'તેરે પરાઈ ક્યા પડી, તૂ અપની નિવેડ;
તેરી નૌકા ભવસાગર મેં, ડૂબે નહીં તું દેખ.'

આપણે આપણા અવગુણ જોઈએ તો બીજાના જોવાનું બંધ થઈ જાય.

'બુરા દેખન મૈં ચલા, બુરા ન મિલિયા કોઈ;
દિલ મેં ખોજા અપના, તો મૂઝ સે બુરા ન કોઈ.'

હું મારા દોષ ટાળી બ્રહ્મરૂપ થવા આવ્યો છું. તે દૃષ્ટિ રહે તો આ કુસંગ ન લાગે.

નિષ્કુળાનંદ સ્વામી :

'જેમ નટ ચડે વળી વાંસડે,
જોવા મળે સઘળું ગામ;
પણ નટ ન જુએ કોઈને,
જો જુએ તે બગડે કામ.
તેમ ભક્તિ કરતાં ભગવાનની,
નવ જોવા દોષ-અદોષ;
ગુણ-અવગુણ કેના દેખતાં, અતિ થાય
અપશોષ.'

મહારાજ અને સંતપરંપરા તરફ દૃષ્ટિ રાખવી.

શ્રીજી મહારાજ : 'અમારો સ્વભાવ તો સદાય ગુણગ્રાહક છે.' (વચ.જે.૩)

આ બધા વચનો પર દૃષ્ટિ હોય તો અભાવ અવગુણની વાત કરતાં-સાંભળતા વૃત્તિ પાછી વળે.

અવગુણ કોઈનો જોવાનો રસ્તો એટલે ઝેર પીવાનો રસ્તો.

મહારાજ તથા સંતપરંપરા સદાય આપણને સંબંધનો મહિમા સમજી ગુણ ગ્રહણ કરવાની જ વાત સમજાવે છે, તો તે માર્ગે જ ચાલવું. - અવગુણ દેખાય તો બીજાને ન કહેવો, ચર્ચા ન કરવી.

આમ, ત્રણ પ્રકારના કુસંગથી દૂર રહેવાની વાત સમજાવી. જેમ વીજળીના ખુલ્લા તારથી દૂર રહીએ છીએ,

પ્રાણી સંગ્રહાલયમાં જંગલી જાનવરથી દૂર રહીએ છીએ, તેમ કુસંગને પણ તેવો સમજી દૂર રહેવાનું છે.

# અમારું કાર્ય જ જીવોને બંધનમાંથી છોડાવવાનું છે !

- અતુલ બી. પોથીવાલા, અમદાવાદ

ફરતાં ફરતાં નીલકંઠવર્ણીએ ખંભાતની ખાડીને તીરે ધનકા તીર્થમાં રાતવાસો કર્યો. ચાતુર્માસ ચાલી રહ્યો હતો. સ્નાન કરવા ઉમટેલી જનમેદનીને દર્શન દાન દઈ નીલકંઠવર્ણી શિકોતેરના આરે પધાર્યા. ખંભાતની ખાડીના આ મુખ પાસે મહી અને સાબરમતી બંને નદીઓ સમુદ્રને મળે છે. આજુબાજુનાં ગામોના ગણ્યા ગાંઠ્યા કોળી લોકો અહીં માછલીઓનો શિકાર કરી ગુજરાન ચલાવતા.

એવો જ વડગામનો એક લાખો કોળી આખો દિવસ માછલાં મારી ટોપલો તૈયાર કરી રહ્યો છે. દિવસ આથમવાને હજુ ચારેક ઘડીની વાર છે. વિસામો લેવા બેઠેલા લાખા કોળીએ હોકલી કાઢી તમાકુ ભર્યું અને સળગાવી, જ્યાં પહેલો ઘૂંટ લેવા જાય છે ત્યાં જ નીલકંઠવર્ણી તેની પાસે પધાર્યા.

વર્ણીરાજનું અનુપમ રૂપ જોઈ લાખાની આંખો એમનાં રૂપમાં જડાઈ ગઈ ! હાથમાંથી હોકલી સરી પડી ! ટૂંકું પંચિયું, ફાટેલ અડધી બંડી, ગૂંચળાઈ ગયેલ અઘોરી જેવા ગંદા વાળ, નખશીખ કાળું કોલસા જેવું શરીર આ લાખાનું શબ્દચિત્ર ! આવો ગંધાતો વરવો વેષ એનાં પાપ કર્મોની ચાડી ખાતો હતો !

મહાપ્રભુએ એના ઉપર કરુણાભરી દૃષ્ટિ કરી. લાખાને કોઈ અગમ્ય શાંતિનો અનુભવ થયો ! બાજુમાં પડેલી પથ્થરશીલા ઉપર મૃગચર્મ પાથરીને નીલકંઠ બેઠા. હેતથી નામ ઠામ પૂછ્યાં.

"મહારાજ ! હું વડગામનો કોળી, નામ લાખો ને પાપનો ધંધો કરું છું." પાપના ધંધાની આવી નિખાલસ કબૂલાતથી વર્ણી પ્રસન્ન થયાં. વર્ણી બોલ્યા, "ભાઈ ! કોળી તો ઉતરતી જાતિમાં શ્રેષ્ઠ ગણાય છે. તું પોતાને અધમ-નીચ શા માટે ગણે છે ?"

"મહારાજ ! મને લોકો જ નીચ અને અધમ ગણે છે, વળી, આ પાપ કરું છું એટલે પાપી જ સમજોને !"

નીલકંઠ હસી પડ્યા. "લાખા ! તું પાપ કરે છે, એની તને સમજણ છે તો પાપને શા માટે વળગી રહ્યો છે ? છોડી દે ને ?"

"બાપજી ! અમારી કોમમાં કોને આવું જ્ઞાન હોય ? ને ધંધો બાપ-દાદાનો વારસામાં મળ્યો છે તે કુટુંબ પોષણ કરું છું."

વર્ણી કહે, "તું આ પાપ કરીને ક્યા ભવે છૂટીશ ? જીવ માત્રની રક્ષા કરનારા ભગવાન છે. જન્મ આપે છે ને જીવાડનાર પોષણ આપનાર પણ એ જ છે. શું તમારા ગામના બધા આ આ જ ધંધો કરે છે ?"

"ના રે બાપ ! આ તો અમારાં કરમ એવાં..."

ગમે તેવા કરમ હોય તો પણ ભગવાન ફેરવી દે છે. ભગવાનનો આશરો કર. એનું શરણું લે. પાપનો પસ્તાવો કર.પ્રાર્થના કર, એ તને ઉગારી લેશે.

બાળ બ્રહ્મચારીના આ શબ્દો લાખાને અસર કરી ગયા. એનાં પૂર્વના સંસ્કાર જાગી ઉઠ્યા. મહાપ્રભુ લાખાની બદલાતી કેમેસ્ટ્રી ઉપર બારીકાઈથી જોઈ રહ્યા. પાપી જીવનું ક્લેવર બદલાય અને એનું રૂડું થાય એવો ઉપદેશ નીલકંઠવર્ણી વરસાવવા લાગ્યા.

"લાખા ! મારનાર કરતાં જીવાડનાર મોટો છે. તું તો માનવી છો. રૂડાં હાથ-પગ મળ્યા છે, આંખ-કાન-મન-વાણી જેવી ઈન્દ્રિયો મળી છે. અને સૃષ્ટિનાં આ બિચારાં જીવો તો નિર્દોષ છે. ભગવાનની આ સૃષ્ટિમાં ક્યાંય દોષ નથી. દોષ તો તારા જેવા કાળા

માથાનાં માનવી ઉભાં કરે છે. જાણે અજાણે નિર્દોષ જીવોને હણે છે. સુખનાં હવાતિયાં મારી સૃષ્ટિ સાથે ચેડાં કરે છે. ન ખાવાનું ખાય છે, ન પીવાનું પીવે છે અને ન કરવાના કાર્યો કરે છે. તારે માથેય મોત તો ભમે જ છે ! જ્યારે મોત આવીને તને ઝાલશે ત્યારે ફાફાં મારીશ તોય છૂટી શકાશે નહિ. ઈશ્વર તારાં પાપ કર્મોનો હિસાબ માંગશે શું જવાબ આપીશ ? ભગવાનનો ઉપકાર માન કે તારા માટે ભગવાને દાણો પાણી તો આપ્યાં છે, હવા ઉજાશ આપ્યાં છે, રૂડી મતિ તને આપી છે. કરવી હોય તો કોઈની સહાય કર પણ આ નિર્દોષ જીવોને હણવાનો તને શો અધિકાર છે ?"

વર્ણીના એક એક વેણથી લાખાનું અંતર ભીંજાઈ ગયું. હૃદય વિંધાઈ ગયું. આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. લાકડી પડે તેમ સીધો જ નીલકંઠવર્ણીના ચરણોમાં ઢળી પડ્યો.

"મહારાજ ! મને માફ કરી દો. મુજ પાપી જીવનો ઉધ્ધાર કરો." વર્ણીએ વિશેષ વાત કરતાં કહ્યું, "લાખા ! જીવ માત્રને કર્મનું બંધન છે. તું અત્યારે પાપ કરીને મોજ કરતો હશે પણ આવતા જન્મે આ તેં હણેલાં એક એક જીવ તારાં શરીરને ફોલી ખાશે. જીવતાં જીવ નરકની વેદના ભોગવવી પડશે."

વર્ણીરાજનો એક એક શબ્દ ધારી અસર કરી રહ્યો હતો. સંધ્યાના રંગો સંગમનાં જળ પર અનેરી છાંય પાથરી રહ્યાં હતાં તો આ બાજુ વર્ણિરાજનાં તેજ લાખાના હૃદયને અજવાળી રહ્યાં હતાં. લાખાએ મક્કમતાથી કહ્યું, "બ્રહ્મચારીજી ! આજથી હું જીવ હિંસા ક્યારેય નહિ કરું પણ આ મરેલાં જીવ (માછલાં) છે એનું શું કરું ?"

વર્ણી બોલ્યાં, "આ ટોપલો કાંઠા પર લઈ લે." લાખાએ તેમ કર્યું. શ્રીહરિએ જળની અંજલિ ભરી અને એ મરેલાં જીવો પર છાંટી કે તરત જ એ માછલાં એક પછી એક કૂદી કૂદીને સાબરનાં નીરમાં ગેલ કરતાં ગરકાવ થઈ ગયાં !

લાખો કોળી આ દૃશ્યથી આભો બની ગયો ! જરૂર આ કોઈ મોટા મહાપુરુષ છે અને બાળ બ્રહ્મચારીનો વેશધારીને મને ઉગારવા જ આવ્યા છે. એણે બે હાથ જોડી કહ્યું, "મહારાજ ! મને આ પાપમાંથી મુક્ત કરો. તમારો પાડ કદી નહીં ભૂલું."

શ્રીહરિ બોલ્યા, "અમારું કાર્ય જ જીવોને બંધનમાંથી છોડાવવાનું છે. હવે તું નિયમ લે. હાથમાં જળ મૂક. કદી કોઈ જીવની હિંસા ન કરવી. અરે ! એને પીડા થાય એવું વર્તન પણ ન કરવું."

લાખાએ એ પ્રમાણે નિયમ ધાર્યા. વર્ણીના ચરણોમાં માથું નમાવી બોલ્યો, "હે પ્રભુ ! આજે તમે મને ખરો માણસ બનાવ્યો. માનવીના ધર્મ હું ચૂક્યો હતો."

નીલકંઠવર્ણી કહે, "શાસ્ત્ર પ્રમાણે જો ધર્મ આચરવામાં આવે તો ક્યારેય દુઃખ આવતું નથી."

"મહારાજ ! હું શાસ્ત્રનું કાંઈ ન જાણું પણ તમે મને નિયમ આપો છો તો જીવું ત્યાં સુધી પાળીશ."

તો હવે તારે માંસ ન ખવાય અને આ તમાકું પણ ખવાય પીવાય નહીં.

"હવે એ બધું ગયું મહારાજ ! એમ કહી તેણે હોકલી પથ્થર સાથે પછાળીને તોડી નાંખી. જાણે પાપમય દુનિયાને છોડી દીધી !"

શ્રીહરિ લાખાની આવી શૂરવીરતા નિહાળી ખૂબ રાજી થયા. પછી લાખો કહે, "મહારાજ ! હવે સાંજ પડી ગઈ છે. તમે ક્યાં જશો ? અને આ મહી-સાબરનો સંગમ છે એટલે વાંસ-ઊંડા પાણી વહે છે. ભલભલા તરવૈયાઓની છાતી બેસી જાય તેવી ભમરીઓ ઉઠે છે, વળી સામે કાંઠે વાડીમાં વાઘ-દીપડા પણ વસે છે માટે કાલે ભરતી ઉતરે પછી ચાલજો. આજે મારે ગામ વડગામ પધારો, ત્યાંથી હું

બીજા રસ્તે તમને ધોલેરા સુધી મૂકી જઇશ.”

પણ વર્ણી ન માન્યા તે ન જ માન્યા. એમણે તો સાબરમતીનાં જળમાં ઝંપલાવ્યું. ત્યાં લાખો કહે, “તમે સામે કાંઠે પહોંચી ગયા છો તે મને કેમ ખબર પડશે ?” નીલકંઠવર્ણી કહે, “સામે કાંઠે પહોંચીને આ મૃગછાલા ઊંચી કરીને હવામાં ફેરવીશ તેનાથી જાણી લેજે.” એટલું કહેતાંક શ્રીહરિ તો ઝંપ દઇને તરવર તરવર હાથ વીંઝતા સડસડાટા સામે તીર પહોંચી ગયા. અંધારામાં એક તેજ લીસોટો જાણે અગાધ જળનાં બે ભાગ કરી રહ્યો હતો ! વર્ણી તરીને ગયા કે પાણી પર ચાલતા ગયા એ લાખાને કાંઇ સમજાયું નહીં !

થોડી જ વારમાં મૃગછાલા વીંઝતા નીલકંઠે પોતે હેમખેમ છે તેની ખાતરી કરાવી. વર્ણીરાજનાં દેદીપ્યમાન તેજમાં મૃગછાલા સ્પષ્ટ દેખાતી હતી અને નીલકંઠવર્ણીનું મધુરું હાસ્ય પણ લાખો એ તેજમાં અનુભવી રહ્યો. એને ઘડીભર એમ થયું કે લાવ હું ય તરતો સામે કાંઠે પહોંચી જાઉં. બ્રહ્મચારીને ઝાલી લઉં અને સદાય એમની ભેળો ચાલ્યો જાઉં... પણ હિંમત ચાલી નહિ, પગ પાછા પડતા હતા.

રાત્રિનાં ઓળા ઉતરવા આવ્યાં. સંગમનાં નીર ઝંપી ગયાં. પંખીઓ પોતપોતાનાં માળામાં લપાઇ ગયાં. તમરાનો તીણો અવાજ વાતાવરણને સૂમસામ બનાવી રહ્યો.

“મારા પ્રભુ ક્ષણવારમાં ઓઝલ થઇ ગયા ? લાખો કોળી ખિન્ન હૃદયે ઘર તરફ વળ્યો. અંતરમાં નીલકંઠવર્ણીની સલૂણી છબિને અને એમણે દીધેલા ઉપદેશને ચિંતવવા લાગ્યો. ત્યાં તો જાણે ચમત્કાર થયો ! લાખાને આભાસ થયો કે પોતે એકલો નથી. આકાશમાંથી એ જ સલૂણી મૂર્તિ ઉતરતી આવીને જાણે એની સાથે જ ચાલી રહી છે ! કહી રહી છે, “લાખા મૂંઝાઇશ નહિં, હું તારી ભેળો જ છું.” લાખાનું હૃદય ફરીથી હર્ષોલ્લાસથી છલકાઇ રહ્યું. ”

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ચાર ઘડીનો સહવાસ પામનાર એક પાપી જીવનું અંતર સમૂળું પલટાઇ ગયું હતું. વર્ણીરાજે એને અભયદાન દીધું હતું. જીવન પર્યંત લાખાએ શ્રીહરિનાં વચન પાળ્યા અને જીવ્યો ત્યાં સુધી બટૂક બ્રહ્મચારીને સંભાળતો રહ્યો.

એનો અંતકાળ નજીક આવ્યો ત્યારે એ જ મૃગછાલાવાળા - કૌપીન સભર હાથમાં દંડ-કમંડલૂ ધારણ કરીને શ્રીહરિએ એને નીલકંઠવર્ણી સ્વરૂપે દર્શન દીધાં અને એને પરમગતિ પમાડી !

---

# બધા જ સુખની ખાણ છે ભક્તિ !!

- રસિકભાઇ રામજીભાઇ ગોળવિયા, સુરત-વેળાવદર

‘ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોક નાહી રે.’

ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતાના આ કીર્તન શબ્દો છે, ભક્તિનો મહિમા સમજનારા ભક્તિ રસના ખરા સ્વાદને માણનારા આ કવિ ભક્તના બળે કરીને કવિત્વ શક્તિ કેટલી બધી ગજબની હતી કે એક જુનાગઢનો અભણ નરસૈયો નાગર પોતાની સૂઝબૂઝ (ભગવાનની કૃપા અને પ્રેરણા) અને ભક્તિભાવથી જે શબ્દો બોલે તે શબ્દો કુદરતી એવા બોલાય કે તેનો તોલ કરવો અસંભવ છે. એવા તે શબ્દો ગોઠવાય કે આજના પી.એચ.ડી. કરવાવાળા પણ તેનો અભ્યાસ કરતા થાકે કે આવા શબ્દો કેવી રીતે ગોઠવાયા હશે. નરસિંહ, મીરા, ભોજો અને નંદ સંતોના ભક્તિના પ્રભુ પ્રત્યેના શબ્દો ભલે વાંચવામાં ગાવામાં એકદમ સાદા સીધા લાગતા હોય પણ કેટલા બધા વજનદાર છે કે તે શબ્દોમાં કેટલું

ભક્તિનું બળ છે. તે શબ્દો દ્વારા જે જે ભક્તોએ ભક્તિના કેફમાં ભગવાન માટે ઉપયોગ કેટલા શબ્દોમાં જેમ કે, નરસિંહે 'તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તુ અળખામણો' જે સામાન્ય માણસ આવા શબ્દો કદાચ મિત્ર કે શત્રુ માટે વાપરતા હોય છે. પણ અહીં ભક્તિના કેફમાં ભગવાનના સ્વરૂપનો આસ્વાદ ચખાડ્યો છે.

માટે તો ભક્તિરસનો ખરો રસ રાખનારા માણવાવાળા માણસને શ્રેષ્ઠ કહ્યા છે અને પોતાના માટે ભોગી શબ્દ વાપર્યો છે.

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે,
કોઈ એક જાણે વ્રજની ગોપી, જાણે નરસૈયો ભોગી રે... ભૂતળ..

માટે જ શુકદેવજીની ભક્તિની શક્તિને વખાણી છે. જેમ શુકદેવજી ભક્તિનો મહિમા જાણી પ્રીતિએ કરીને ભાગવતજી ભણ્યા અને સહુને ઉપદેશ આપ્યો અને આજ દિવસ સુધી પણ ભગવાનની ભક્તિ જ કરે છે.

પરમાત્માની ભક્તિનો પ્રેમસુધારસ જે જે સંતો ભક્તોએ માણ્યો છે જાણ્યો છે તે તો આઠેય પહોર આનંદમાં રહે છે તેના સુખની વાત કરવા જેવી નથી, તેના સુખને અન્ય માપદંડથી માપી શકાય તેન નથી. તેના આ સુખ આગળ આખી ત્રિલોકનું રાજ્ય મળે તોય તેને ઠુકરાવતા હોય છે. આવા હરિજનને હરિવર સાથે લગની લાગી ગયા પછી તેમના સર્વે તાપ ટળી જતા હોય છે.

આમ, ભક્તિ સ્વતંત્ર છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તે તો ભક્તિને બળ આપનારા સાધનો છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય કદાચ થોડા ન્યૂન રહે તો ચાલશે પણ ભક્તિ તો બિલકુલ ન્યૂન ન પડવી જોઈએ. ગમે તેવો વિદ્વાન હોય તો પણ ભક્તિ એ સત્સંગ વિના અધોગતિને પામે છે. ભક્તિને સત્સંગ વગર પ્રાપ્ત કરી શકાતી નથી. માટે નવ પ્રકારની જે શાસ્ત્રોમાં ભક્તિ બતાવી છે તેમાથી પોતાને જે ભક્તિથી પ્રભુમાં હેત થતું હોય તે ભક્તિ કરવી. અને એ ભક્તિ જ મોક્ષની હતી છે તે જ બધા જ સુખની ખાણ છે, ભક્તિને પૃથ્વીનું અમૃત કહ્યું છે. પાણીથી તનનું સ્નાન થાય છે, જ્યારે ભક્તિથી મનનું સ્નાન થાય છે. ભાગવતજીમાં નારદજીનું વાક્ય છે કે જેના હૃદયમાં પ્રભુની ભક્તિ નિવાસ કરી રહે છે તેના શરીરમાં ક્યારેય મલીન તત્ત્વો કે ભૂત પ્રેતાદિક પ્રવેશી શકતા જ નથી.

માટે તો કહ્યું છે ભક્તિચિંતામણી - નિષ્કુળાનંદ સ્વામી :

ભક્તિ વિનાનો નહીં ભરોસો,
સદા સ્થિર રહેવા કોઈ ઠામ,
ભક્તિ વિના નિર્ભય નર નહીં,
કરે સો સો જો સાધન,
ભક્તિ વિના ભવરોગ ન નાસે,
રહે દુખ કની રાત,
ભક્તિ વિના ભટકણ ન ભાંગે,
સહુએ સમજી લેવું મનમાંય.

પૂજ્ય ભાગવત કથાકાર ડોંગરેજી મહારાજ કહેતા કે શ્રધ્ધા એ ભક્તિનો પાયો છે અને ભક્તિ એ મોક્ષનો પાયો છે.

તુલસીદાસજી પણ શીખ આપી છે :
ભક્તિ સુતંમ સકલ સુખખાની ।
બિનુ સત્સંગ ન પ્રાંવિદિપ્રાની ॥
પુન્ય પુંજ બિનુ મિલદિન સંતા ।
સંત સંગતિ સંસ્તૃતિ કર અંત ॥
માટે ભક્તિને સર્વે સુખની ખાણ કહી છે.

માટે તો શ્રીજી મહારાજે ગ.મ. ૧૦માં વચનામૃતમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ભગવાનમાં પ્રિતિ થવાના કારણ છે. પણ જોકે જ્ઞાન, વૈરાગ્યમાં ભગવાનમાં પ્રીતિ કરવાનું દૈવત તો છે જ પણ ભક્તિમાં વિશેષ દૈવત છે અને ભક્તિ જ પરમપદ છે. માટે ભક્તિ જ્ઞાન વૈરાગ્ય કરતા અધિક છે.

# સત્સંગ સમાચાર દેશ

## વડતાલના પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રીનું ભુજમાં આગમન

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ ગાદીના પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી ૧૦૦૮ રાકેશપ્રસાદજી મહારાજ શ્રીનરનારાયણદેવના દર્શનાર્થે ભુજ પધાર્યા ત્યારે પ.પૂ. મહંત સ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો તથા ટ્રસ્ટીઓએ હારતોરાથી આવકાર્યા હતા.



પૂ. મહારાજશ્રી દર્શન કરી ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ભુજ મંદિરનો દેશ-વિદેશનો સત્સંગ દેવ નિષ્ઠાવાન છે અને ભુજના સંતોએ પોષ્યો છે. અમે સૌ સંતોને તથા સર્વ હરિભક્તોને શ્રીલક્ષ્મીનારાયણદેવ ગાદી તરફથી રૂડા આશીર્વાદ પાઠવીએ છીએ એવી અંતરની લાગણી વ્યક્ત કરી હતી.

---

## ભુજ મંદિરે જન્માષ્ટમી મહોત્સવ

તા. ૨૫-૮-૧૬, ગુરુવારે જન્માષ્ટમીનો તહેવાર ખૂબ જ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો. વહેલી સવારથી જ મંદિરમાં દર્શનાર્થી હરિભક્તોની ઉત્સાહવર્ધક ભીડ રહી હતી ભગવાનના જન્મની આરતી થાય ત્યાં સુધીમાં દર્શનાર્થી ભક્તજનોથી મંદિરનું પરિસર હકડેઠઠ ભરાઈ ગયું હતું. મધ્ય રાત્રે ૧૨:૦૦ ના ટકોરે મંદિર મધ્યે સુંદર વસ્રો અને શણગારથી શોભતા ભગવાન શ્રીકૃષ્ણના જન્મની આરતી ઉતારવામાં આવી. આ પ્રસંગે હર્ષથી થનગનતા હૈયા સાથે ભક્તમેદનીએ 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી.....' ના સૂરોના નાદથી પોતાનો અતિ આનંદ અભિવ્યક્ત કર્યો હતો. પારણિયામાં ઝૂલતા બાળ કૃષ્ણના દર્શન કરી હરિભક્તો ભાવવિભોર બન્યા હતા. આ પ્રસંગે સૌ હરિભક્ત ભાઈ-બહેનોએ વિશેષપણે ઉત્સવમાં સહભાગી બની મંદિરના ધાર્મિક વાતાવરણને ધમધમાટભર્યું બનાવ્યું હતું.



ભગવાનના પ્રાગટ્ય બાદ યોજવામાં આવેલ મહાઆરતી બાદ મટકીફોડના કાર્યક્રમમાં ભક્તજનોએ ઉમંગસભર ભાગ લીધો. અંતમાં ભગવાનના જન્મોત્સવ પ્રસંગે હંમેશ મુજબ પંચામૃત તથા પંચાજીરીનો પ્રસાદ પામી સૌ હરિભક્તો ધન્ય બન્યા હતા.

આ સમગ્ર ઉત્સવના યજમાનપદે ગામ સામત્રા હાલે લંડનના અ.નિ. પિતાશ્રી અરજણભાઇ રામજીભાઈ કેરાઈ, માતુશ્રી ગં.સ્વ. રાધાબાઈ અરજણ, હ. સુપુત્ર ધનજીભાઈ અરજણ કેરાઈ, આકાશભાઈ ધનજી કેરાઈ તથા રવજીભાઈ વેલજી વરસાણી (ભારાસર હાલે ભુજ જાદવજી નગર) હરિભક્તોએ રહી ઉત્સવની સેવાનો અલભ્ય લાભ લીધો હતો.

- કોઠારી પાર્ષદ જાદવજી ભગત

---

## વિવિધ ઉત્સવોની ઉજવણી મદનપુર

<u>હિંડોળા ઉત્સવ :-</u>

શ્રી સ્વામિનારાયણ મંદિર મદનપુર દ્વારા તા. ૨૧-૦૭-૨૦૧૬ અષાઢ વદ-૨ થી તા.૨૦-૦૮-૨૦૧૬ શ્રાવણ વદ-૨ વિવિધ ભવ્ય કલાત્મક હિંડોળા બનાવી ૧માસ સુધી હિંડોળા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સાંખ્યોગી બાઇઓ



તેમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તેમજ યુવતી મંડળ દ્વારા સુંદર કલાત્મક વિવિધ પ્રકારના હિંડોળા બનાવી ઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા. હિંડોળા સમાપ્તિમાં ભવ્ય લીલોતરીના હિંડોળે ઠાકોરજીને ઝુલાવીને સમાપ્તિની આરતી ઉતારવામાં આવી હતી તેમજ હિંડોળાની સેવા કરનારાઓને સંતો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

ક્રિકેટ ટુર્નામેટ :-

તા. ૨૪-૦૮-૨૦૧૬ (શીતલા સાતમ)ના રોજ કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મદનપુર દ્વારા શ્રીજી સ્પોર્ટ સેન્ટર ક્લબ (નવા ગ્રાઉન્ડ), સુખપર ખાતે સુપર સિક્સ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ટૂર્નામેન્ટમાં મદનપુર, સુખપર અને નરનારાયણ નગરના યુવાનો સાથે મળીને કુલ ૧૬ ટીમો એ ઉત્સાહભેર ભાગ લઈને આ ટૂર્નામેન્ટનો આનંદ લીધો હતો. આ ટૂર્નામેન્ટનો આનંદ લેવા સૌ ગ્રામજનોએ બહોળી સંખ્યામાં પધારી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. દરેક ટીમના યુવા ખેલાડીઓએ સારું પ્રદર્શન કરી અને ખેલનો આનંદ મેળવેલ. જોતજોતામાં ખેલનો આનંદ વધતો ગયો અને અંતમાં સુંદરજીસુથાર અને રાજાભાઈ ટીમ વચ્ચે ફાઈનલ મેચ યોજાઈ અને રાજાભાઈ ટીમના ખેલાડીઓએ ભવ્ય વિજય પ્રાપ્ત કરેલ. બપોરપછી પ્રસાદી મંદિર તેમજ સહજાનંદ ગુરુકુલ માનકુવાથી સંતોએ પધારી યુવાનોને પ્રોત્સાહિત કરી આશીર્વાદ આપ્યા હતા. વિજેતા ટીમને સંતોના વરદ્‌હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ અને આ ટૂર્નામેન્ટમાં સારો દેખાવ કરેલ એવા ખેલાડીઓને પણ સંતોના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ સમગ્ર આયોજનના યજમાનપદે મદનપુર કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો જ રહીને આ આયોજન કરેલ. આ ટૂર્નામેન્ટનો લાભ લેવા પધારેલ સર્વે હરિભક્તોને અને ખેલાડીઓને બપોરના પ્રસાદરૂપી ભોજનનું પણ આયોજન સ્થળ ઉપર જ રાખવામાં આવેલ. આ સમગ્ર ટૂર્નામેન્ટનું સંચાલન યુવક મંડળના યુવાનો દ્વારા કરવામાં આવેલ.



જન્માષ્ટમી :-

તા. ૨૫-૦૮-૧૬ શ્રાવણ વદ -૮ જન્માષ્ટમીના રોજ સવારે શણગાર આરતીબાદ પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. તેમજ સાંજે સંધ્યા આરતીબાદ ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તેમજ રાત્રે ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાસોત્સવના અંતે મટકીફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ઠાકોરજી આગળ સમૈયો કરી ઠાકોરજીને ભવ્ય પારણીયામાં ઝુલાવી જન્મોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં હરિભક્તો લાભ લીધો હતો. તેમજ સર્વે હરિભક્તોને પંચાજીરીનો તેમજ પંચામૃતનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

- વેલાણી કલ્પેશ, મદનપુર

---

## ભચાઉ : હિંડોળા મહોત્સવ

ભચાઉ(કચ્છ) માંડવી ચોક મધ્યે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરે તા. ૩-૮-૨૦૧૬ થી ૨૦-૮-૧૬ સુધી એમ કુલ ૧૭ દિવસ હિંડોળા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

હિંડોળા મહોત્સવ અંતર્ગત તા ૧૩-૮ થી ૨૦-૮ સુધી ભવ્ય પ્રદર્શન યોજાયેલ. જેમાં મોરલો, ઘનશ્યામને પારણે ઝુલવતા ભક્તિમાત-ધર્મપિતા, શિવજીનો જળાભિષેક, શ્રીજીનો નૌકાવિહાર, ભક્તોને લાડુનો પ્રસાદ આપતા શ્રી સહજાનંદ સ્વામી

આદિ કૃતિઓએ ખૂબ આકર્ષણ જમાવ્યું હતું. અને હરિભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો.

ઉપરોક્ત હિંડોળા ઉત્સવ તેમજ પ્રદર્શનનો નગરના બહોળા પ્રમાણમાં ભાવિકોએ લાભ લીધો હતો.

આ હિંડોળા મહોત્સવને સફળ બનાવવા ટ્રસ્ટીશ્રી બાબુભાઈ ખૂથીયા, સત્સંગી અગ્રણીશ્રી ફતેહસિંહજી ગજુભા જાડેજા, ટ્રસ્ટીશ્રી ભગવાનજીભાઈ ખુથીયા તેમજ હરિભક્તોએ જહેમત ઉઠાવી હતી.

- ફતેહસિંહજી ગજુભા જાડેજા, ભચાઉ

---

## સુખપર મધ્યે હિંડોળા તેમજ જન્માષ્ટમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે તા. ૨૧-૦૭-૨૦૧૬ અષાઢ વદ-૨ થી તા.૨૦-૦૮-૨૦૧૬ શ્રાવણ વદ-૨ સુધી એક માસ દરમ્યાન ભવ્યાતિભવ્ય કલાત્મક હિંડાળા બનાવી



શ્રીઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા. ભાઈઓ તેમજ બહેનોના મંદિરમાં રંગબેરંગી હિંડોળાના દર્શનનો લ્હાવો બહોળી સંખ્યામાં ગામજનોએ લીધો હતો. આ હિંડોળામાં સાંખ્યયોગી બહેનો તેમજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યુવતી મંડળ તેમજ બાલ-બાલિકા મંડળના યુવાનો-બાળકોએ આ હિંડોળા તૈયાર કરવામાં તન,મન અને ધનથી સેવા કરી હતી. તા. ૨૦-૮-૧૬ના હિંડોળાના છેલ્લા દિવસે શ્રીઠાકોરજીને ફૂલો તેમજ કલાત્મક રીતે તૈયાર કરેલ અને વૃક્ષોના લીલા પાંદડાઓથી શણગારેલ ઝૂંપડી બનાવી શ્રીઠાકોરજીને ઝુલાવ્યા હતા. હિંડોળાના અંતિમ દિવસે બપોરપછીના સમયગાળા દરમ્યાન "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂન તથા રાસોત્સવ રાખવામાં આવેલ. ધૂન તથા રાસોત્સવનો લાભ બહોળી સંખ્યામાં હરિભક્તોએ લીધો હતો. છલ્લે એક માસથી ચાલતા હિંડોળાની આરતી ઉતારી પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

જન્માષ્ટમી મહોત્સવ :-

તા. ૨૫-૮-૧૬ શ્રાવણ વદ ૮, ગુરુવારના જન્માષ્ટમીના પવિત્ર દિવસે સુખપરમાં શ્રીઠાકોરજીની મંગળા આરતીબાદ પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રભાતફેરીમાં બહોળી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા અને ધૂન્ય, કીર્તન, વાજિંત્રોના નાદ સાથે પ્રભાતફેરી ગામની ગલીઓમાં ફરીને મંદિરમાં વિરામ લીધો હતો. તે જ દિવસે સાંજના મંદિરમાં શ્રીઠાકોરજી આગળ સામૈયો તેમજ રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ. રાસોત્સવ પૂર્ણ થયા બાદ "નંદ ઘેર આનંદ ભયો..."ના નાદ સાથે મટકીફોડ કરવામાં આવેલ. ત્યારબાદ રાત્રીના ૧૨ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ઉતારવામાં આવેલ. ત્યારબાદ પધારેલ સર્વે હરિભક્તોએ પંચામૃત તેમજ પંચાજીરીનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યુવતી મંડળ તેમજ વડીલોનો સાથ સહકાર મળેલ હતો.

- કિશોર આર. પિંડોરીયા, સુખપર

---

## ભવ્ય હિંડોળા પ્રદર્શન ઉદ્‌ઘાટન દ્વારકાધામ – દ્વારકાધીશનું આબેહૂબ દર્શન : મુંબઈ–પાર્લા

કચ્છ-ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત મુંબઈનું સત્સંગ કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન, વિલેપાર્લે-મુંબઈમાં વાગડ પ્રાંતના મુખ્યદાતાઓના ૨૦ લાખના ચડાવાના દાન સાથે ભવ્ય હિંડોળા પ્રદર્શનનું પૂજ્ય સંતોના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ભુજ મંદિરના પવિત્ર, વડીલ અને મંડલેશ્વર તથા ખાસ ૩૫ વર્ષથી મુંબઈ સત્સંગનું સતત વિચરણ કરી જતન કરી રહેલા પ.પૂ. સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના વરદ્‌હસ્તે તેમની જ પ્રેરણાથી

વાગડ પ્રાંતના હરિભક્તોના દાનની સરવાણી સાથે ભવ્ય આબેહૂબ દ્વારિકાધામ-પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ૩૦૦૦ જેટલા હરિભક્તોની મોટી હાજરીથી વડીલ સંત પુરાણી સ્વામી હરિબળદાસજી ખૂબ જ રાજી થયા હતા.

સેંકડો અને રવિવારે હજારોની સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત વગેરે સંતોના શુભ આશીર્વાદ અને આજ્ઞાથી સંચાલન કરી રહેલા વિશ્રાંતિ ભુવનના મહંત શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ, કોઠારી સ્વામી રામપ્રિયદાસજી, શા. સ્વામી શુકમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી વગેરે સંતો તથા સેલારી વાગડનાં સાંખ્યયોગી બહેનો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળ તથા બાળમંડળએ હિંડોળા ઉત્સવમાં સેવા આપી હતી.

ઉદ્‌ઘાટન પ્રસંગે પુરાણી સ્વામી હરિબળદાસજી તથા પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વચન આપતાં કહ્યું હતું કે મુંબઈમાં ધંધો કરતાં પૈસા મળે છે પણ જો સત્સંગ ન હોય તો દારુ વગેરે વ્યસન-દુરાચારમાં લોકો વાપરે છે. જેનાથી કુટુંબો બરબાદ થાય છે. સૌને સાવધાન રહેવાની ટકોર કરી હતી. શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ મુંબઈના અને ખાસ કરીને પાર્લા વિસ્તારના દરેક હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

દાતાઓમાં ઘનશ્યામભાઈ પૂંજા નીસર, પોપટભાઈ પૂંજા નીસર-ભચાઉ, મીઠીબેન રતા સવરીઆ-પટેલ - વોંધ, નોંધાભાઈ ખુથીયા પરિવાર - ભચાઉ, મણીલાલ પૂંજા નીસર - ભચાઉ, વીરજી નારણ ખુથીયા - ભચાઉ, લાલજી ખીરા - ભચાઉ, પટેલ રતિલાલ સવજી વાવીયા - રાપર, દેવજી રવજી ભાનુશાલી - બીટા, પટેલ ગણેશ પેથા રાવત - વોંધ, ભગવાનજી તથા વાડીલાલ લખમશી ખુથીયા - ભચાઉ, પટેલ આંબા દાના ચામડીયા - કલ્યાણપર, પટેલ ખીમજી આણંદા દુબરીયા - વજેપર, સંતોકબેન કાનજી નીસર - ભચાઉ, અરવિંદભાઈ વેલજી - ભચાઉ, દેવેન્દ્રભાઈ પટેલ - નાગપુર વગેરે વાગડના ભક્તો મુખ્યદાતા તરીકે રહ્યા હતા. સાથે નાઈરોબી ઉત્સવમાં પધારતા ભક્તોએ પણ સેવાનો લાભ લીધો હતો. તેમાં દેવરાજ રવજી વેકરીયા - રામપર હાલે નૈરોબી, હરિશ મેઘજી રાબડીયા - વાડાસર, દિનેશ વરસાણી લક્ષ્મીગ્રુપ - સામત્રા, શીવજી દેવરાજ હીરાણી - ખિલન મેઘપર, અમરબાઈ લાલજી હ. દિનેશ - ઓસ્ટ્રેલીયા, જયેન કુંવરજી રાબડીયા - માંડવી લંડન, રવજી જેસાણી - બળદીયા નૈરોબી વગેરે ભક્તોએ અવસરનો લાભ લઈ સેવા નોંધાવી હતી.


કથાનું રસપાન શુકમુનિદાસજીએ કરાવ્યું હતું. સંગીતમાં સાથ સ્વામી હરિજીવનદાસજીએ આપ્યો હતો. યુવક મંડળના નરશીભાઈ તથા આંબાભાઈ - કંથકોટ વગેરેએ રસોડાની સેવા સંભાળી હતી. રાપર ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન પણ યોજાયું હતું. સંભાસંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજીએ કર્યું હતું.

- કોઠારી સ્વામી રામપ્રિયદાસજી

---

## હિંડોળા મહોત્સવની પૂર્ણાહૂતિ પ્રસંગે મહાઆરતી

ભુજ મંદિરમાં સ.ગુ.પુ. મહંતસ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદથી છેલ્લા એક માસથી ચાલતા ભવ્ય હિંડોળા મહોત્સવની તા. ૨૦-૮ ના રોજ પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સંતો અને હરિભક્તો દ્વારા તૈયાર કરેલા વિવિધ કલાત્મક



હિંડોળાઓમાં ઝૂલતા શ્રીહરિના દર્શનાર્થે ગામેગામથી પધારી હજારો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

હિંડોળા મહોત્સવની પૂર્ણાહૂતિ પ્રસંગે શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સાંજે ૭:૦૦ વાગ્યે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. જેના યજમાનપદે ગામ રામપર હાલે ભુજના પ.ભ. શ્રી ગોવિંદભાઈ ધનજી રાબડીયા (કિંગ્સ કીચનવાળા), ધ.પ. વનિતાબેન, પુત્ર ધનશ્યામ, પુત્રી ડિમ્પલ સહપરિવારે રહી અલભ્ય લાભ મેળવ્યો હતો. મહાઆરતીમાં વિશાળ સંખ્યામાં સત્સંગી હરિભક્તોએ પધારી હિંડોળે ઝૂલતા ઠાકોરજીની આરતી ઉતારવાનો દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો.

- કોઠારી પાર્ષદ જાદવજી ભગત

---

## પંચાહ્ન પારાયણ : ભક્તિનગર

ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ભક્તિનગર મધ્યે તા. ૩-૮-૨૦૧૬ થી તા. ૭-૮-૧૬ સુધી 'સત્સંગીજીવન' કથા પંચાહ્ન પારાયણનું આયોજન પ.ભ. લક્ષ્મણભાઈ ધનજી હિરાણી પરિવારના યજમાનપદે કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ પર બિરાજમાન થઈ વિદ્વાન વક્તા શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી વ્યાસમુનિદાસજી અને સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ કથાનું રસપાન કરાવેલ. જ્યારે સભા સંચાલન સ્વામી સરજૂદાસજીએ કર્યું હતું. ભુજ મંદિરેથી સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી તેમજ માંડવી મંદિરેથી સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજી અને સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તેમજ સહજાનંદ ગુરુકુળના સંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કથા અંતર્ગત 'જીવન જીવવાની ચાવી' વિષય પર સ્વામી વેદાન્તસ્વરૂપદાસજીએ મનનીય પ્રવચન રજૂ કરેલ. ઠાકરથાળી તેમજ રાસોત્સવ જેવા કાર્યક્રમો પણ યોજાયા હતા.

સત્સંગ યાત્રા :-

ભક્તિનગર મંદિરના સહયોગથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો ૭૦ની સંખ્યામાં શ્રીજી મહારાજે સ્થાપિત છ ધામ તથા અન્ય પ્રસાદી સ્થળો તથા મંદિરોના દર્શનની ૩ દિવસની સત્સંગ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- દેવજી પ્રેમજી જોધાણી, ભક્તિનગર

---

## હિંડોળા મહોત્સવ, સિનુગ્રા

તા. ૩૧-૭-૨૦૧૬, રવિવારના રોજ સિનુગ્રા મંદિરે અંજારથી પધારેલ સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતો પધારી સિનુગ્રાના હરિભક્તોને કથા-વાર્તા સાથે આશીર્વચન આપ્યા હતા. ત્યારબાદ ભક્તો દ્વારા તૈયાર કરેલ હિંડોળાની આરતી માટે ચડાવો કરેલ હતો. જેમાં માધાપરના પ.ભ. જાદવજીભાઈ લાલજી વરસાણીએ યજમાન પદ સ્વીકારી સંતો સાથે રહી આરતી કરી હતી.

- પૂજારી લાલજી કરસન, માધાપર

---

## હિંડોળા ઉત્સવ : હિરાપર

શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) હિરાપર મધ્યે બિરાજમાન શ્રી ધનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવના સાંનિધ્યમાં સાં.યો. મહંત રતનબેનની પ્રેરણાથી હિંડોળા મહોત્સવમાં વિવિધ કલાત્મક હિંડોળા બનાવી શ્રીહરિને ઝુલાવ્યા હતા. જેના હર્ષ ઉલ્લાસથી સહભાગી સાં.યો. ભક્તિબેન તથા અન્ય બહેનો, મહિલા મંડળ તથા બાલિકા મંડળની બાલિકાઓએ ભાગ લઈ વિવિધ રીતે તન,મન અર્પણ કરીને નિત્ય નવા નવા કલાકૃતિથી સુશોભિત હિંડોળા બનાવ્યા હતા.

દરરોજ હરિભક્તો પોતાની સેવા આપીને હિંડોળા ઉત્સવના યજમાન બનવાનો લ્હાવો સૌ કોઈએ લીધો હતો. આ પ્રસંગને માણવા અનેક દર્શનાર્થી હરિભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો.

- કાનજીભાઈ સુથાર, હિરાપર

---

## હિંડોળા મહોત્સવ : દુધઈ

શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું), દુધઈ મધ્યે શ્રીહરિને એક મહિના સુધી હિંડોળામાં

ઝુલાવવા અનેક પ્રકારના હિંડોળા તૈયાર કરવામાં આવેલ. જેમાં ફ્રૂટ, સૂકામેવા વિગેરે કલા અને કારીગરીથી ભરપૂર મનોહારી,પાવનકારી એક-એકથી ચડિયાતા નાવિન્યસભર હિંડોળા બનાવી તેમાં પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિને ઝુલાવવામાં આવ્યા હતા. જેમાં સાં.યો. નીતાબેનના માર્ગદર્શન હેઠળ સાં.યો. લતાબેન, સાં.યો. જયશ્રીબેન, સાં.યો. રતનબેન, સાં.યો. દક્ષાબેન તથા કર્મયોગી બહેનો તેમજ બાલિકાઓએ પ્રસન્નતાપૂર્વક અહોભાગ્ય અનુભવી પ્રસંગ માણ્યો હતો. હરિભક્તો તથા ગ્રામજનોએ હિંડોળાના દર્શન કર્યા હતા. નિત્ય હિંડોળાના યજમાનપદે રહેતા હરિભક્તો તથા કર્મયોગી બહેનોને બિરદાવવામાં આવ્યા હતા.

- કાનજીભાઈ સુથાર, હિરાપર

---

**હિંડોળા એવમ્ મુક્તિનાથ દર્શન : કેરા**

ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોની પ્રેરણા-આશીર્વાદથી કેરા મધ્યે સોમવાર તા. ૨૫-૭-૨૦૧૬ થી ભવ્ય હિંડોળા તેમજ મુક્તિનાથ દર્શનનો મંગલ



પ્રારંભ ભુજ, અંજાર આદિના બ્રહ્મનિષ્ઠ સંતો, સાં.યો. બહેનો તથા હરિભક્તોની ઉપસ્થિતિમાં ભક્તિમય વાતાવરણમાં થયો હતો અને પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ વર્ષે દશાબ્દી પૂર્ણ થતો હોઈ હિંડોળાની સાથે મુક્તિનાથ પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. આ ભવ્ય પ્રદર્શનમાં મુખ્ય યજમાન પ.ભ. ધનજીભાઈ કુંવરજી રહ્યા હતા જ્યારે (૨૬) છવીસ ભવ્ય હિંડોળાના યજમાન કેરાના સમસ્ત સાં.યો. બહેનો રહ્યા હતા. હિંડોળાની કલાત્મક ગોઠવણી તથા તૈયારી માટે મહિલા મંડળ તથા યુવક મંડળના સભ્યોનું યોગદાન પ્રશંસનીય રહ્યું હતું.

આ પર્વ નિમિત્તે ગામની કુમાર પ્રાથમિક શાળા તથા કુમારી પ્રાથમિક શાળાને પાણી ઠંડુ કરવાનું ફ્રીજ (વોટર કુલર) ભેટ આપવામાં આવ્યું હતું.

- શિવજી નાથા ભુવા

---

**શ્રાવણ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ**

● પ.ભ. ભરતભાઈ કાનજી ગાજપરીયા સર્વે દેવોના શિખર પરની ધ્વજાના યજમાન, બળદીયા હાલે ઓલ્ડહામ ● પ.ભ. મુકેશભાઈ લાલજી વરસાણી સર્વે દેવોના શિખર પરની ધ્વજાના યજમાન, કેરા હાલે ઓલ્ડહામ ● શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે કોઠારી સ્વામી નારાયણમુનિદાસજીની પ્રેરણાથી હ. મનજી કુંવરજી હાલાઈ સર્વે દેવોના શિખર પરની ધ્વજાના યજમાન, મીરજાપર ● પ.ભ. વેલજીભાઈ શીવજી ખેતાણી(સુખપર), મેઘબાઈ રત્ના કેરાઈ(નારણપર), સુખપર નારણપર ● પ.ભ. શાંતિલાલભાઈ લાલજી વરસાણી, સામત્રા ● પ.ભ. ભીમજીભાઈ લાલજી વેકરીયા, નારણપર ● પ.ભ. નરશીભાઈ નારણ ભૂટક, સરદારનગર ● પ.ભ. પુરબાઈ ધનજી ભુડીયા, ફોટડી ● પ.ભ. કાનજીભાઈ ભીમજી વેકરીયા, નારણપર ● પ.ભ. નીતિનભાઈ માવજી પિંડોરીયા, દહીંસરા ● પ.ભ. દિપકભાઈ કાંતિલાલ ખેંગાર ઠક્કર(ભરૂડીયાવાલા), ભુજ ● પ.ભ. પિયુષભાઈ વિનોદ કેરાઈ, પર્થ ઓસ્ટ્રેલીયા ● પ.ભ. ધનજીભાઈ વાલજી ભુડીયા, ધ.પ. કેશરબેન, ફોટડી ● પ.ભ. નવીનભાઈ હીરજી રાબડીયા, ધ.પ. રસીલાબેન, પુત્રી અંજની, સરલી ● સાં.યો. રતનબાઈ વિશ્રામ, રામપર ● પ.ભ. હરજીભાઈ પ્રેમજી ગોરસીયા, રામપર ન.વા. ● પ.ભ. કલ્પનાબેન રોહિત વાધાણી, સુખપર હાલે નૈરોબી ● પ.ભ. મહેન્દ્રભાઈ લાલજી વેકરીયા, રામપર વેકરા ● પ.ભ. માવજીભાઈ કરસન ખેતાણી, કોડકી ● પ.ભ. વેલજીભાઈ કરસન હીરાણી, હરિપર ● પ.ભ. મેહુલભાઈ જેન્તીભાઈ બરાડીયા, માધાપર ● પ.ભ.

પ્રેમજીભાઈ ધ.પ. કોમલ, પુત્રી યશ્વી, ધ્રુવિ, હ. સાં.યો. અનિતાબાઈ, દૂધઈ હાલે મુંબઈ ● પ.ભ. શીવજીભાઈ પ્રવિણ હીરાણી, સુખપર ● પ.ભ. રમેશભાઈ કલ્યાણ કેરાઈ, નારણપર ● પ.ભ. પ્રવિણભાઈ હરજીભાઈ વરસાણી, મીરજાપર ● પ.ભ. રાજેશભાઈ શીવજી ભુડીયા, માંડવી ● પ.ભ. અમરબાઈ કલ્યાણ હાલાઈ, મીરજાપર ● પ.ભ. વિજ્યાબેન પુત્ર જય, મીરજાપર નૈરોબી ● પ.ભ. કુંવરજીભાઈ હરજી પિંડોરીયા, સુભાષ કુંવરજી પિંડોરીયા, ભુજ ● પ.ભ. ઉમેશભાઈ નારણ કારા, રામપર ● પ.ભ. રોશનીબેન હરજી હીરાણી, મેઘપર ● પ.ભ. કલ્પનાબેન ઘનશ્યામ હાલાઈ, મેઘપર ● પ.ભ. મુકેશભાઈ રવજીભાઈ ભુડીયા, માનકુવા ● પ.ભ. નાનજીભાઈ હરજી મેપાણી, બળદીયા ● પ.ભ. રમેશભાઈ માવજી રાબડીયા, સુખપર ● પ.ભ. અ.નિ. રામજીભાઈ જાદવા વાઘડીયા હ. રાજેશ રામજી, કેરા ● પ.ભ. શામબાઈ નારણ ભુડીયા હ. નારણભાઈ, સુખપર ● પ.ભ. જયેનભાઈ કુરજી શીવજી રાબડીયા, ધ.પ. વનિતાબેન, માંડવી ● પ.ભ. મહેશભાઈ અરજણ વરસાણી, સામત્રા ● પ.ભ. વસંતભાઈ પરષોત્તમભાઈ બાવલ (ઠક્કર), નખત્રાણા ● પ.ભ. જીતેશભાઈ વિનોદ વાઘજીયાણી, સુખપર ● પ.ભ. અ.નિ. રામબાઈ પ્રેમજી રાઘવાણી હ. પ્રેમજી લાલજી રાઘવાણી, બળદીયા ● પ.ભ. મેઘજીભાઈ લાલજી રાબડીયા, વાડાસર ● પ.ભ. લક્ષ્મીબેન કુંવરજી પિંડોરીયા હ. સુભાષભાઈ કુંવરજી પિંડોરીયા, ભુજ ● પ.ભ. હર્ષિકાબેન જીતેશ પરબત મેપાણી, સુરજપર ● પ.ભ. મિલનભાઈ લાલજી મેપાણી તથા આનંદી લાલજી મેપાણી, સુરજપર ● પ.ભ. જગદીશભાઈ દેવરાજ રાબડીયા હ. સાં.યો. નાનબાઈ, કેરા હાલે કંપાલા ● પ.ભ. મેઘબાઈ કેશરા કેરાઈ, પુત્રી સાં.યો. કાન્તાબાઈ તથા પુત્રી અમૃત, કુંદનપુર ● પ.ભ. અ.નિ. અરજણભાઈ ગોવિંદ ભંડેરી સુપુત્ર હિરેન તથા વસંત હ. સાં.યો. નીતાબેન, વેકરા ● પ.ભ. હિતેશભાઈ ગોર, સુપુત્ર ખુશકુમારના જન્મ નિમિત્તે હ. સ્વામી ઘનશ્યામદાસજી, ભુજ ● પ.ભ. એકતાબેન નવનીત ગાજીપરીયા હ. સાં.યો. નીતાબેન, નારણપર ની.વા. ● પ.ભ. હર્ષ નવનીત ગાજીપરીયા હ. સાં.યો. નીતાબેન, નારણપર ની.વા. ● પૂ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી હ. વાલબાઈ રામજી નારણ વાગજીયાણી, સુખપર ● પૂ. સ્વામી સત્યસ્વરૂપદાસજી હ. રામજીભાઈ નારણ તથા રવજીભાઈ રામજી વાગજીયાણી, સુખપર ● પ.ભ. હિતેશભાઈ કાનજી વેકરીયા, સુખપર ● પ.ભ. નારણભાઈ ધનજી ભુડીયા સહપરિવાર, ફોટડી ● પ.ભ. રામબાઈ નારણ ભુડીયા, ફોટડી ● પ.ભ. તેજબાઈ વેલજી વરસાણી, બળદીયા ● પ.ભ. મનજીભાઈ લાલજી ખેતાણી, સુખપર ● પ.ભ. ખીમજીભાઈ મુરજી રૂપાલીયા હ. મુરજી કરસન, મદનપુર ● પ.ભ. વાલબાઈ મનજી દેવજી કેરાઈ, નારણપર ની.વા. ● પ.ભ. નવીનભાઈ નારણભાઈ પાતળીયા, મુંબઈ ● પ.ભ. નારણભાઈ માવજી ભુવા, સુખપર ● પ.ભ. ખીમજીભાઈ રત્ના વાલજી હીરાણી, સુખપર ● પ.ભ. રાજેશભાઈ પ્રેમજી હાલાઈ, કેરા ● પ.ભ. હરદિપભાઈ જેન્તી રાબડીયા, વાડાસર ● પ.ભ. શામબાઈ હરજી કેરાઈ, સુખપર ● પ.ભ. અમરબાઈ વાલજી વાગડીયા હ. સાં.યો. નીતાબાઈ, મદનપુર ● પ.ભ. પ્રિયેનભાઈ પ્રાણલાલ ગોર, ભુજ ● પ.ભ. હર્ષિવભાઈ નારણ આસાણી હ. પ્રેમજી જાદવા આસાણી, વેકરા ● પ.ભ. અલ્પેશભાઈ લક્ષ્મી કેરાઈ સહપરિવાર, સુરજપર ● પ.ભ. દિનેશભાઈ કરસન વેકરીયા, હ. સ્વામી વ્યાસમુનિદાસજી, રામપર ● પ.ભ. વંદનાબેન જાદવજી આંબા, મેઘપર ● પ.ભ. હરીશભાઈ દેવજી હાલાઈ ધ.પ. ધનુબેન હ. સાં.યો. નાનબાઈ કરસન, કેરા ● પ.ભ. જગદિશભાઈ પ્રેમજી વરસાણી, ભક્તિનગર ● પ.ભ. ધર્મી ઘનશ્યામ, બળદીયા ની.વા. ● પ.ભ. ખીમજીભાઈ વાલજી વરસાણી, કોડકી ● પ.ભ. સવિતાબેન જગદિશ શીયાણી, કોડકી ● પ.ભ. ધનજીભાઈ લક્ષ્મણ વરસાણી, માનકુવા ● પ.ભ. કિશોરભાઈ વિશ્રામ જોધાણી, માનકુવા ● પ.ભ. પ્રેમજીભાઈ દેવજી રાઘવાણી, બળદીયા ● પ.ભ. પવનભાઈ હિતેશભાઈ

પિંડોરીયા હ. સાં.યો. નીતાબેન, આસંબીયા ● પ.ભ. હરજીભાઈ કાનજી શીયાણી, સુખપર ● પ.ભ. નાનજીભાઈ હરજી મેપાણી, બળદીયા ઉ.વા. ● વિદ્યાર્થી સાધુ ઘનશ્યામદાસજી, ગુરુ પુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી હ. હરજી વાલજી કેરાઈ, કુંદનપર ● સાં.યો. મંજુલાબેન પ્રેમજી વરસાણી, ભક્તિનગર ● પ.ભ. રાજેશભાઈ વાઘજી ગોરસીયા ધ.પ. મીનાબેન, ભક્તિનગર ● પ.ભ. રિતેશભાઈ વેલજી કેરાઈ હ.સાં.યો. નાનબાઈ, કેરા ● પ.ભ. અમૃતભાઈ કાનજી હીરાણી, નારણપર ● પ.ભ. રામજીભાઈ શીવજી ગોરસીયા, માનકુવા ● પ.ભ. પ્રવિણભાઈ કુંવરજી રૂપાલીયા, સુખપર ● પ.ભ. જેન્તીભાઈ હીરજી કેરાઈ, કોડકી ● પ.ભ. હરજીભાઈ રવજી વેકરીયા, નારણપર ● પ.ભ. પ્રેમજીભાઈ માવજી ગોંડલીયા, મીરજાપર ● પ.ભ. દિવ્યાબેન ધનજી હીરાણી, માતુશ્રી મંજુલાબેન હ. સાં.યો. નીતાબેન, સુખપર ● સ્વામી જ્ઞાનપ્રકાશદાસજીની પ્રેરણાથી પ્રવિણ વિશ્રામ ભુવા, સુખપર ● પ.ભ. ભાવિનાબેન રામજી ખેતાણી, માધાપર ● પ.ભ. કિરણભાઈ ચંદ્રકાન્તભાઈ ગોર (નેત્રમ્ ચશ્મા પરિવાર), ભુજ ● પ.ભ. શ્યામબાઈ પ્રવિણ ગોરસીયા, હ. સાં.યો. અમરબાઈ લાલજી ખેતાણી, મદનપુર ● પ.ભ. લક્ષ્મણભાઈ કેશરા વરસાણી, ભારાસર ● સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી, નિમિષાબેન પ્રવિણભાઈ કાબરીયા, કુંદનપર ● પ.ભ. જયેશભાઈ રવજી ભુડીયા, માનકુવા ● પ.ભ. અમરબાઈ વાલજી હ. સાં.યો. નીતાબાઈ, મદનપુર ● પ.ભ. માહી શૈલેષ કેરાઈ, નારણપર ● પ.ભ. અરવિંદભાઈ મુરજી હીરાણી, સુરજપર ● પ.ભ. પ્રવિણભાઈ ભીમજી હીરાણી, નાગલપર ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી સાં.યો. પ્રેમિલાબેન નાનજી જેસાણી, દહીંસરા ● કોઠારી સ્વામી નારણમુનિદાસજીની પ્રેરણાથી ક્ષિતિજ દવે, પાયલબેન, કિર્તીદા દવે, ભુજ હાલે મુંબઈ ● પ.ભ. મંજુલાબેન ધીરજભાઈ ભુડીયા, માધાપર ● પ.ભ. શામજીભાઈ જેશા દબાસીયા, માનકુવા ● પ.ભ. જ્યોતિબેન હરીશ કેરાઈ હ. કેશરાભાઈ, માનકુવા ● પ.ભ. કેશરાભાઈ ગોપાલ દબાસીયા, માનકુવા ● સાં.યો. શામબાઈ રવજી વેકરીયા તથા હરજી રવજી વેકરીયા, નારણપર ● પ.ભ. જગદિશભાઈ માવજી ભંડેરી, પર્થ ઓસ્ટ્રેલીયા ● પ.ભ. સુરજ જગદિશ ભંડેરી, પર્થ ઓસ્ટ્રેલીયા ● પ.ભ. વાલજીભાઈ માવજી રાબડીયા, સરલી ● પ.ભ. દિયનભાઈ અલ્પેશ હાલાઈ, પર્થ ઓસ્ટ્રેલીયા ● પ.ભ. નિરજભાઈ અલ્પેશ હાલાઈ, પર્થ ઓસ્ટ્રેલીયા ● પ.ભ. અલ્પેશભાઈ દેવશી હાલાઈ, પર્થ ઓસ્ટ્રેલીયા ● પ.ભ. દેવશીભાઈ વેલજી હાલાઈ, સુરજપર ● પ.ભ. મહેશભાઈ અરજણ વરસાણી (સામત્રા), હ. ધનજી રામજી હીરાણી(સુખપર રોહા), સામત્રા ● પ.ભ. ગોવિંદભાઈ રવજીભાઈ હીરાણી, માનકુવા નાઈરોબી ● પ.ભ. રૂપેશભાઈ નારણભાઈ વેકરીયા, મીરજાપર ● પ.ભ. નિલેશભાઈ ધીરજલાલ પટેલ હ. કાવ્ય, ભુજ ● પ.ભ. ભાવેશભાઈ કલ્પેશભાઈ સોરઠીયા, અંજાર ● પ.ભ. હરેશભાઈ વિરામભાઈ વાડદ, સુખપર

---


## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ

● પ.ભ. અ.નિ. રૂડાભાઈ શામજીભાઈ ખેતાણી ધ.પ. ગં.સ્વ. કેશરબાઈ હ. સાં.યો. કેશરબાઈ હ. સાં.યો. નીતાબાઈ ● પ.ભ. પ્રેમજીભાઈ હરજીભાઈ ખેતાણી સહપરિવાર, સુખપર ● પ.ભ. રવજીભાઈ વિશ્રામ કેરાઈ ધ.પ. પ્રેમબાઈ, ભક્તિનગર ● સાં.યો. કેશરબાઈ કુંવરજી પિંડોરીયા, સુરજપર ● પ.ભ. માનબાઈ કલ્યાણ કેરાઈ પિતાશ્રી કલ્યાણ જેઠા કેરાઈ, માતુશ્રી મેઘબાઈ કલ્યાણ, અ.નિ સાં.યો. રાધાબાઈ કુંવરજી ધનાણી, સાં.યો. સવિતાબેન ધનજી ભુડીયા, સુખપર ● પ.ભ. ધનજીભાઈ કરસન વરસાણી ધ.પ. કંકુબેન દીકરી પાર્વતીબેન, સુખપર ● પ.ભ. પ્રેમજીભાઈ કરસન હીરાણી, કોડકી

# સત્સંગ સમાચાર વિદેશ

### શ્રી ઘનશ્યામ બાળ મહોત્સવ : દારેસલામ

ટાંઝનિયાના હૃદય સમાન દારેસલામ ખાતે શ્રી ઘનશ્યામ બાળ મંડળને પાંચ વર્ષ પૂર્ણ થતાં પ.પૂ. સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સંતો અને વડીલોની આજ્ઞા, આશીર્વાદ અને માર્ગદર્શનથી બે દિવસીય "શ્રી ઘનશ્યામ બાળ મહોત્સાવ"નું અવિસ્મરણીય આયોજન કરવામાં આવેલ હતું.



શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત શ્રીઘનશ્યામ બાળમંડળ તથા શ્રી સ્વામિનારાયણ યુવક-યુવતી મંડળના સહિયારા સંગાથે અને વડીલોના માર્ગદર્શન હેઠળ બે દિવસનો ભવ્ય કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.

તા. ૧૯-૮-૧૬ના ઉત્સાહી બાળકો સંતો સાથે રાત્રી રોકાણ કરેલ. મહોત્સવના પ્રથમ દિવસે પ્રાતઃક્રિયા બાદ સંતો સાથે રહી સમૂહ પ્રાતઃપૂજામાં જોડાયેલ બાળકો, યુવાનો, વડીલો અને બહેન દીકરીઓનો જુસ્સો અનેરો જ હતો. સવારથી જ પ.પૂ. સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી તથા સ્વામી રામાનુજદાસજી સાથે પ્રેઝન્ટેશન, ઈન્ડોર-આઉટડોર રમતો રમી ગમ્મત સાથે જ્ઞાન મેળવતા બાળકોના કિલ્લોલથી મંદિરનો માહોલ મહેકી ઉઠ્યો હતો. તેજ દિવસે સાંજે બાલ અને બાલિકા મંચનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. નાના-નાના ભુલકાઓ તેમજ તરૂણ બાળ-બાળાઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા પોતાની આગવી શક્તિઓની ઓળખાણ કરાવેલ. પાંચ પાંચ વર્ષ સુધી બાળકોમાં સત્સંગ અને સંસ્કારોનું જળ સિંચનાર યુવાનો અને યુવતીઓનું વિશેષ સન્માન કરી તેમની પાંચ વર્ષની અવિરત સેવાને પ્રતીક ભેટ દ્વારા બિરદાવવામાં આવી હતી. આર્થિક સહયોગ આપનાર તેમજ નાની મોટી સેવા કરનાર દરેક વડીલોને પ્રતીક ભેટ આપી સત્કારવામાં આવેલ. રાત્રે મહાપ્રસાદ બાદ સર્વે હરિભક્તો છૂટા પડ્યા.

ઉત્સવનો બીજો દિવસ એટલે યુવાનોના ઉમંગનો દિવસ. મંદિરથી થોડે દૂર સાબન રોબર્ટ સેકેન્ડરી સ્કૂલમાં બાળકો યુવાનો અને વડીલો વહેલી સવારે બ્રહ્મનિષ્ઠ સંતો પાસેથી કમસે કમ એક વર્ષ ચાલે તેટલું સત્સંગનું ભાથું ભરી લેવાની જીજ્ઞાસા સાથે એકત્ર થયા. સવારના ભાગમાં પ.પૂ. સ્વામી પરમહંસદાસજીએ કથાનું રસપાન કરાવેલ. ત્યારબાદ પ.પૂ. સ્વામી દેવચરણદાસજીએ દરેક સત્સંગીના મનમાં વિષેલો નાગ બનીને બેઠેલ 'ઈર્ષ્યા' વિષય ઉપર જીવનોપયોગી પ્રેઝન્ટેશન આપ્યું. ઈર્ષ્યા કોણ કરે ? કરવી કે ન કરવી ? કોના જેવી કરવી ? વગેરે વિવિધ દૃષ્ટાંતો દ્વારા માણસોના મનમાં ભરેલા ઈર્ષ્યાના ઝેરને નાબૂદ કરવાનો પ્રયાસ કરેલ.

બપોરના મહાપ્રસાદ બાદ પ.પૂ. સ.ગુ. સ્વામી દેવચરણદાસજીએ આદર્શ નારીના ઉદાહરણરૂપ માતા-સીતાના જીવન ચરિત્રો દ્વારા આજની માતા-દીકરીઓને કૂળની મર્યાદા અને પરિવારની જવાબદારી વિશે વિશેષ મીઠી ટકોર કરેલ. પોતાના ચરિત્રની રક્ષા કરવા માટે સીતાજી જેવી નિષ્ઠા રાખવા આજ્ઞા કરેલ. ત્યારબાદ આજની યુવાપેઢીને વિશેષ પસંદ સત્સંગ શેરબજારની રમતનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌ નાના-મોટા ભાઈ-બહેન સત્સંગી : સત્સંગની બેંકમાં અઢળક સંપતિ જમા કરેલ. પૂજ્ય સંતોના સાંનિધ્યમાં બાળમંડળ, યુવક-યુવતી મંડળ તેમજ વડીલોની નવી સમિતિની સર્વાનુમતે રચના કરવામાં આવેલ. શ્રી ઘનશ્યામ બાળમંડળના બાળકો સરળતાથી ગુજરાતી


શીખી શકે તે હેતુસર ગુજરાતી પાઠ્ય પુસ્તક તૈયાર કરવામાં આવેલ. તેમનું વિમોચન પણ બ્રહ્મનિષ્ઠ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં બાળકો, યુવાનો અને વડીલોના ત્રિવેણી સંગમે અનેરો ઉત્સાહ દાખવ્યો હતો. પ.પૂ. સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ દારેસલામના ત્રિવેણી સંગમને જીવનમાં સત્સંગ અને સંસ્કારો જાળવી રાખવાના આશીર્વાદ આપ્યા હતા. સંતોના આશીર્વાદના અમી છાંટણાંથી બાળકો યુવાનો અને વડીલોનાં અંતરમાં નવચેતનાનો સંચાર થયો. બન્ને દિવસ પ.પૂ. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ દિવસની જે પાંચ માનસીપૂજા છે તેમની વિધિવત સમજૂતી આપેલ જે દારેસલામના દરેક હરિભક્તના રોજિંદા જીવનમાં જોડાયેલ રહેશે.

આમ, દારેસલામના હરિભક્તોને ભક્તિના સાગરમાં ગળેડૂબ કરતો 'શ્રીઘનશ્યામ બાળ મહોત્સવ' પૂર્ણ થયો. છેલ્લે નિત્ય નિયમ બાદ મહાપ્રસાદ લઈ સર્વે હરિભક્તો ભક્તિનું અખૂટ ભાથુ લઈ છૂટા પડ્યા હતા.

---

## ત્રિ-દિવસીય રાત્રીય સત્સંગ સભા : કમ્પાલા -યુગાન્ડા

તા. ૨૩ થી ૨૫ ઓગસ્ટ ૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કંપાલા મધ્યે ત્રણ રાત્રી સાંજે ૭:૩૦ થી ૯:૦૦ વાગ્યા સુધી વિશેષ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમા ભુજ મંદિરથી પધારેલ સ.ગુ. પુરાણી સ્વામી પરમહંસદાસજીએ ધીરજાખ્યાન ગ્રંથ ઉપર મનનીય વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ભુજના ૧૬ સંતોની ઉપસ્થિતિથી ગામનાં વડીલો યુવાનો ખુબ રાજી થયા હતાં. ત્રણ દિવસ સભા બાદ મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો. તા. ૨૫ના રોજ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી હોવાથી કાર્યક્રમમાં રાસોત્સવ તથા મટકી ફોડનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને જન્મોત્સવની આરતી સંતોએ ઉતારી નંદ ઘેર આનંદ ભયો ધૂન બોલાઈ હતી.



પધારેલ પૂજ્ય સંતો સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, પુરાણી સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, પુ. સ્વામી ભક્તિપ્રિયદાસજી, શા. સ્વામી સંતસ્વરૂપદાસજી આદિ સંતો ભલામણ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ, કંપાલા દ્વારા આયોજિત આ સત્સંગ સભાથી સૌ ભક્તો રાજી થયા હતા. સામૂહિક આર્થિક યોગદાન આપનાર ભક્તોને સંતો અંતરથી આશીર્વાદ પાઠવ્યા હતા કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

- પ્રકાશભાઈ વેકરીયા

---

## શ્રી સ્વામિનારાયણ મંદિર, કેરુગોયા

શ્રી સ્વામિનારાયણ મંદિર, કેરુગોયા(કેન્યા) મધ્યે ૧૪ વર્ષથી ઘર મંદિર છે. મંદિરમાં સંકડાશ થવાને કારણે કેરુગોયાના હરિભક્તો તેમજ ભુજ મંદિરના સંતોની ઈચ્છાથી નૂતન મંદિર નિર્માણનું વિચારતા પ.ભ. લાલજીભાઈ માવજી પિંડોરીયા હસ્તે પુત્ર મલ્હાર, કલ્પેશ, રૂપેશ સહપરિવાર દ્વારા આ જમીન ભુજ મંદિરને અર્પણ કરવામાં આવેલ છે. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોની ઈચ્છાથી શ્રી નરનારાયણદેવ મંદિર, ભુજ તાંબાનું મંદિર થાય એવું નક્કી કરવામાં આવ્યું.



તા. ૧૧-૮-૧૬, ગુરુવાર વિ.સં. ૨૦૭૨ શ્રાવણ સુદ ૮ના દિવસે સવારે ખાત મૂહુર્ત મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગત, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી

બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી આદિ ભુજ મંદિરના સંતો તેમજ કેરુગોયા, યુ.કે. તેમજ ઓસ્ટ્રેલીયાના હરિભક્તોના હસ્તે કરવામાં આવ્યું હતું.

ખાતમૂહુર્તના મુખ્ય યજમાન સાં.યો. સરલાબાઈ મનજી નારણ કારા હસ્તે મનજીભાઈ નારણ કારા ઊંચો આંક આપીને રહ્યા હતા.

મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી આ મંદિરના નિર્માણ માટે બાંધકામ સમિતિની રચના કરવામાં આવી. બાંધકામ કમીટીમાં મુખ્ય સ.ગુ. સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તેમજ કેરુગોયાના પાંચ હરિભક્તો છે.

- કમલેશ જેસાણી

---

### શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી આયોજિત શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાઈ ગયો. મહોત્સવ પૂર્ણ થયા બાદ મંગળવાર તા. ૧૬-૮-૧૬ થી તા. ૨૦-૮-૧૬ શનિવાર સુધી ભાગવત મહાપુરાણની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચાહ્ન પારાયણના યજમાનપદે ગામ બળદીયાના અ.નિ. પ.ભ. હરજીભાઈ હિરજી હીરાણી, અ.નિ. રાધાબાઈ હરજી હીરાણી, અ.નિ. જાદવાભાઈ હરજી હિરાણીની સ્મૃતિમાં ગં.સ્વ. વાલબાઈ જાદવા હીરાણી હસ્તે સુત નારણભાઈ જાદવા હિરાણી, દેવશીભાઈ જાદવા હીરાણી તેમજ સુપુત્રી પુષ્પાબેન શીવજી ભંડેરી - વાડાસર અને અમૃતબેન શામજી હાલાઈ - કેરા સહકુટુંબ પરિવાર, ગામ બળદીયાના અ.નિ. કેશરબેન નારણ વાલાણી, અ.નિ. કરસનભાઈ નારણ વાલાણી હસ્તે હરજીભાઈ કરસન વાલાણી, માવજીભાઈ કરસન વાલાણી તથા હિતેશભાઈ કરસન વાલાણી સહ કુટુંબ પરિવાર, ગામ રામપરના અ.નિ. લાલજીભાઈ કરસન વેકરીયા, ગં.સ્વ. પુરબાઈ લાલજી વેકરીયા સુત ગોપાલભાઈ લાલજી વેકરીયા, રવજીભાઈ લાલજી વેકરીયા તથા લક્ષ્મણભાઈ લાલજી વેકરીયા સહપરિવાર.

આમ ઉપરોક્ત ત્રણ પરિવારોના યજમાનપદે પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણના વક્તા સ્વામી વેદાંતસ્વરૂપદાસજી અને સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી અને સ્વામી કપિલમુનિદાસજી વ્યાસપીઠે વિરાજી સરળ ભાષામાં કથારસનું પાન કરાવ્યું હતું. કથાનો સમય સવારે ૫:૧૫ થી ૬:૧૫ સુધી અને સાંજે ૬:૧૫ થી ૭:૩૦ સુધી રાખવામાં આવેલ હતું. વડીલ સંતો કથા વિરામબાદ આશીર્વચનો આપ્યા હતા. શનિવારે સાંજે અ.નિ. લાલજીભાઈ કરસન વેકરીયા પરિવાર તરફથી સર્વેને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

ખુબ જ પાવન વાતાવરણમાં હરિભક્તોએ કથામૃતનું પાન કરી આનંદ પામ્યા હતા.

- મંત્રીશ્રી નારણભાઈ

## કચ્છના સત્સંગની અભિવૃધ્ધિના આનંદની અભિવ્યક્તિ

ભક્તિભાવપૂર્વક ભક્તિ, સાંપ્રદાયિક સંગઠન અને સત્સંગના સદ્ભાવના ત્રિવેણી સંગમ જેવા અનેરા અદ્વિતીય અદ્ભુત ઉત્સવ 'શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ' લંગાટા-નૈરોબીનો સવિસ્તર તાદૃશ અહેવાલ સાથેના અંકના પ્રકાશનનો પુરુષાર્થ પ્રગતિના પંથે છે. ઓક્ટોબર, ૨૦૧૬નો અંક 'શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ'ના વિવિધ કાર્યક્રમો અને પ્રસંગોના ફોટોગ્રાફ સાથે દળદાર વિશેષાંક તરીકે પ્રકાશિત કરવામાં આવશે. ઉત્સવોથી ઉત્પન્ન થતી આત્મીયતા, એખલાસ અને અનેરા આનંદની અભિવૃધ્ધિ આપના કરકમળમાં મૂકવાનો અમારો વિનમ્ર પ્રયાસ રહેશે.

- તંત્રીશ્રી

*ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત*

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

### એવમ્

# નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

***સં.૨૦૭૩ ફાગણ વદ અમાસ તા. ૨૮-૩-૧૭ મંગળવાર થી ચૈત્ર સુદ ૭ તા. ૩-૪-૧૭ સોમવાર***
***નારાયણ યજ્ઞ : ચૈત્ર સુદ ૮ તા. ૪-૪-૧૭ મંગળવાર***

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે -આગામી તા. ૨૮-૩-૧૭ થી તા. ૩-૪-૧૭ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૧,૦૦૦/- : પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે,
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે

વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.
સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય
તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે,
સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

***: કથા સ્થળ :***
***શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ***
***ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.***

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય, ભુજ

# દશાબ્દી મહોત્સવ-આમંત્રણ

સમાજ અને રાષ્ટ્રની પ્રગતિમાં શિક્ષિત વર્ગનો ફાળો સવિશેષ હોય છે, તેમાંય શિક્ષિત નારી સંસ્કાર સિંચનની બાબતમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હરિભક્તોનું હિત સદૈવ જેમના હૈયામાં હતું તેવા દીર્ઘદૃષ્ટા અ.નિ. પ.પૂ. સ.ગુ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજીએ જોયેલું સ્વપ્ન આજે શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર, ભુજ સ્વરૂપે સુંદર રીતે સાકાર થયું છે. જેમાં પૂર્વ પ્રાથમિક થી વિશ્વવિદ્યાલયના સ્નાતક કક્ષા સુધીના વિવિધ અભ્યાસક્રમોમાં આપણા સંપ્રદાયની ૧૩૦૦ થી વધુ કન્યાઓ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં છાત્રાલયની સુવિધા સાથે અભ્યાસ કરી રહી છે. વિદ્યાર્થિનીઓના સર્વાંગી વિકાસમાં અને આ સંસ્થાની પ્રગતિમાં વર્તમાન મહંત પ્રાતઃસ્મરણીય સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતો સહિત ટ્રસ્ટી મંડળે રસ લઈ ખૂબ મહેનત કરી છે. આપણી આ સંસ્થાને દસ વર્ષ પૂર્ણ થતાં હોઈ તા. ૧૯-૧૨-૨૦૧૬ થી તા. ૨૧-૧૨-૨૦૧૬ સુધી સંસ્થાનો “દશાબ્દી મહોત્સવ” ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આ સંસ્થા માટે અનામત આર્થિક ફંડ તેમજ અન્ય અનેક પ્રકારની સેવાઓ આપનાર દેશના તેમજ વિદેશમાં વસતા દાનવીર દાતા હરિભક્તો અને સેવક હરિભક્તોનું સાદર સન્માન કરવામાં આવશે. તો આ અનેરા અવસરે આપની ઉપસ્થિતિ અતિ આનંદદાયક બની રહેશે.

આ સંસ્થાનો તમામ વહિવટ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા સુવ્યવસ્થિત રીતે સુંદર રીતે કરવામાં આવે છે. ભુજની જેમ જ માંડવી મધ્યે પણ કન્યા કેળવણી માટે કન્યા વિદ્યાલય છાત્રાલયની સુવિધા સાથે કાર્યાન્વીત છે. જેમાં ભુજ અને માંડવી મળીને ૧૭૦૦ થી વધુ કન્યાઓ શિક્ષણ મેળવી રહી છે જે આનંદની બાબત છે.

‘દશાબ્દી મહોત્સવ’ના પ્રસંગે સપરિવાર હાજર રહી ઉત્સવની શોભા વધારવા ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

જય શ્રી સ્વામિનારાયણ !

- મહંત સ્વામી

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦/- જયંતિ હરજીભાઈ મનજી આશાણી, માંડવી હાલે નૈરોબી, જયંતિભાઈને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે ભેટ

૫૦૦/- ઉત્તમ ગોવિંદ કલ્યાણ હીરાણી, હ. વાલજીભાઈ, સુખપર રોહા ઓસ્ટ્રેલીયાનો પી. આર. મળી જતાં તે નિમિત્તે ભેટ

૫૦૦/- ન્યારી જગદીશભાઈ હીરજી ભુડીયા, ભક્તિનગર, ચિ. ન્યારીના જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૧૧/- રવજી જાદવા જેસાણી, બળદીયા, નવી ગાડી ફોર વ્હીલરની ખરીદી કરી તે નિમિત્તે ભેટ

૨૦૦/- હીરજી ખીમજી પાધરા, મદનપુર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૦/- ગોવિંદ વાલજી વેકરીયા, બળદીયા, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૦/- અલ્પેશ ગોવિંદ વેકરીયા, બળદીયા, સગાઈ નિમિત્તે ભેટ

૧૫૧/- અયાન કલ્પેશ જેઠી હ. મધુસુદનભાઈ જેઠી, ભુજ, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- શ્રીનરનારાયણદેવ કન્સ્ટ્રક્શન કું., હ. મુકેશભાઈ વરસાણી, કોડકી, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૧૫૧/- કિશ્ના પુરુષોત્તમ હીરાણી, માધાપર, નવી હીરો ડ્યુએટ ખરીદી તે નિમિત્તે ભેટ

૧૫૧/- લાલજી જાદવા વેકરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- મહેશ રૂપશી ધનજી ખુથીયા, મુંબઈ, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- રોહિત મહેશ ગોવિંદ પી. વરસાણી, હસ્તે ગોવિંદભાઈ, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- અ.નિ. મોહનલાલ જેઠાલાલ દરજી, હ. ધ.પ. હીરાબેન સુપુત્ર દિનેશ, ભુજ, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૧૫૧/- શિવજી ધનજી માસ્તર, માધાપર, નીતાબેન મનોહરન ભુવાના જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- દીશા સુનિલભાઈ રત્નાણી, ચીખલી, જન્મદિવસ નિમિત્તે ભેટ

